

P.07

શ્રદ્ધા કપૂર
મહારાષ્ટ્રનાં
લાવણી નૃત્યાંગના
વિઠાબાઈની બાયોપિકમાં

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

આલિયા અને
શર્વરીની આલ્ફા
ફિલ્મની રીલિઝ ચાર
મહિના ઠેલાઈ



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૯૩ । વિક્રમ સંવત ૨૦૮૨ : કારતક વદ ૦૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 93 • Dt.08-11-2025 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


અમેરિકામાં શટડાઉનની માઠી અસર : ન્યૂયોર્ક, લોસ એન્જેલસ સહિત ૪૦ એરપોર્ટ પર સંચાલન ૯૫ થશે

07



08
NOVEMBER- 2025
SATURDAY



07

તૂર્કિયેમાં મંત્રણા વચ્ચે અફઘાનિસ્તાન-પાકિસ્તાન સરહદે ફરી ભયંકર ગોળીબાર । ૫ લોકોના મોત

એકતા નગર સુધી યોજનારી જનજાતિય ગૌરવ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું

## ભૂપેન્દ્ર પટેલે બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે 'જન જાતિય ગૌરવ યાત્રા'ને પ્રસ્થાન કરાવ્યું

# જેને કોઈ ન પૂછે તેને વડાપ્રધાન નરેન્દ્રભાઇ પૂજે છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## તારીખ ૭ થી ૧૩ નવેમ્બર સુધી અંબાજીથી એકતાનગર અને ઉમરગામથી એકતાનગર સુધી કુલ ૧,૩૭૮ કિ.મી.ની 'જન જાતિય ગૌરવ યાત્રા'નું વિશેષ આયોજન કરવામાં આવ્યુ

। પ્રતિનિધિ, અંબાજી, તા.૭ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા અધ્યક્ષ તથા રાજ્ય મંત્રી મંડળના મંત્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં અંબાજીથી એકતા નગર સુધી યોજનારી જનજાતિય ગૌરવ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતુ. તારીખ ૭ થી ૧૩ નવેમ્બર સુધી અંબાજીથી એકતાનગર અને ઉમરગામથી એકતાનગર સુધી કુલ ૧,૩૭૮ કિ.મી.ની 'જન જાતિય ગૌરવ યાત્રા'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આઝાદીની લડતમાં અગ્રેસર રહેલા આદિવાસી બાંધવોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમૃતકાળના ભારતની વિકાસયાત્રામાં ભાગીદાર બનાવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે યોજાઇ રહેલી જનજાતિય ગૌરવ યાત્રાનો પ્રારંભ કરાવતા સ્પષ્ટ પણે જણાવ્યું કે, "જેને કોઈ ન પૂછે તેને વડાપ્રધાન નરેન્દ્રભાઈ પૂજે છે."

તેમણે કહ્યું કે, આઝાદીની લડતમાં ભગવાન બિરસા મુંડાના નેતૃત્વમાં અગ્રેસર રહેલા આદિવાસીઓને વડાપ્રધાને અમૃતકાળના ભારતની આ વિકાસયાત્રામાં ભાગીદાર બનાવ્યા છે. એટલું જ નહીં, સ્વાતંત્ર્ય વીર ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતીને 'જન જાતિય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની નવી પરંપરા પણ તેમણે ૨૦૧૧થી ઊભી કરી છે.આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આ વર્ષે થઈ રહી છે.



સ્વાતંત્ર્ય સંગ્રામમાં બિરસા મુંડાની આગેવાનીમાં આદિજાતિઓના ઐતિહાસિક યોગદાનને આજની પેઢી જાણે અને તેમાંથી રાષ્ટ્રનિર્માણની પ્રેરણા મેળવે તેવા ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાનના નેતૃત્વમાં આ વર્ષ "જનજાતીય ગૌરવ વર્ષ" તરીકે ઉજવાઈ રહ્યું છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અંબાજીધામથી આ ગૌરવ યાત્રાને પ્રસ્થાન કરાવતાં એમ પણ કહ્યુ કે, વડાપ્રધાને તેમના કાર્યકાળમાં આદિવાસીઓના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપતા અનેકો કલ્યાણ કાર્યક્રમો સાકાર કર્યા છે. તેમણે ગુજરાતમાં આદિજાતિઓના સામાજિક-આર્થિક ઉત્કર્ષ માટે શરૂ કરાવેલી વનબંધુ કલ્યાણ યોજના રાજ્ય સરકારે ૧ લાખ કરોડના પ્રાવધાન સાથે ૨૦૨૫ સુધી લંબાવી છે તેમ પણ મુખ્યમંત્રી ઉમેર્યું હતું.

## ૨ ઓગસ્ટ, ૨૦૨૭ના રોજ, બપોરે,એક ખૂબ જ દુર્લભ પૂર્ણ સૂર્યગ્રહણ થશે

# ૨૧મી સદીનું સૌથી લાંબુ સૂર્યગ્રહણ, જ્યારે ૬ મિનિટ અને ૨૩ સેકન્ડ માટે અંધકારમાં દુનિયા ડૂબી જશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

૨ ઓગસ્ટ, ૨૦૨૭ના રોજ, બપોરે, એક ખૂબ જ દુર્લભ પૂર્ણ સૂર્યગ્રહણ થશે. આ ગ્રહણ ૬ મિનિટ અને ૨૩ સેકન્ડ સુધી ચાલશે, જે સૂર્યને સંપૂર્ણપણે અંધારામાં ફેરવશે, દિવસના પ્રકાશને એક વિચિત્ર અંધકારમાં રૂપાંતરિત કરશે. આટલુ લાંબુ ગ્રહણ લગભગ એક સદી સુધી ફરી જોવા મળશે નહીં. મોટાભાગના સૂર્યગ્રહણ ત્રણ મિનિટથી ઓછા સમય સુધી ચાલે છે, પરંતુ આ એક બમણાથી વધુ સમય સુધી ચાલશે, જે તેને ખરેખર અદભુત દૃશ્ય બનાવે છે.આ પ્રભાવશાળી ઘટના ત્રણ વસ્તુઓની એક સાથે અને દુર્લભ ઘટનાને કારણે છે. પ્રથમ, એફિલિયન, જ્યારે પૃથ્વી સૂર્યથી સૌથી દૂર હશે, જેનાથી તે નાનું દેખાશે. બીજું, ચંદ્ર તે સમયે પૃથ્વીની સૌથી નજીક હશે, જેના કારણે તે આકાશમાં મોટું દેખાશે. ત્રીજું, ચંદ્રનો પડછાયો પૃથ્વીના વિષુવવૃત્તની નજીકથી પસાર થશે, તેની ગતિ ધીમી કરશે અને ગ્રહણને લંબાવશે.આ પૂર્ણ સૂર્યગ્રહણ એટલાન્ટિક મહાસાગર ઉપરથી શરૂ થશે અને જિબ્રાલ્ટરની સામુદ્રધુની, દક્ષિણ સ્પેન, ઉત્તર આફ્રિકા અને અરબી દ્વીપકલ્પમાં પસાર થશે. તે આખરે હિંદ મહાસાગરમાં સમાપ્ત થશે. આ માર્ગ આશરે ૧૭૦ માઈલ પહોળો હશે અને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાંથી પસાર થશે, જેનાથી લાખો લોકો ગ્રહણ જોઈ શકશે.દક્ષિણ સ્પેનના શહેરો ચાર મિનિટથી વધુ સમય માટે સંપૂર્ણ અંધકારનો અનુભવ કરશે. મોરોક્કોમાં ટેન્જિયર અને ટેટુઆન સીધા પડછાયાના માર્ગમાં આવશે. લિબિયાના બેનગાઝીમાં લગભગ પાંચ મિનિટ માટે અંધકારનો અનુભવ થશે. સૌથી લાંબો દૃશ્યમાન સમયગાળો ઐતિહાસિક ઈજિપ્તીયન શહેર લુક્સર નજીક હશે.


વીજળીના બિલને કરો (0)




નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University




પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ
૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ I સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ I જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨

પળેપળના સમાચાર માટે www.lokpatrika.in


## અમદાવાદ શહેરમાં પારો ૨૦ ડિગ્રીથી નીચે જશે

# શિયાળાની દસ્તક : નલિયા ૧૫.૫ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર

## માવઠાની અસર ઉતર્યા બાદ આખરે ગુજરાતના દ્વારે શિયાળાએ ટકોરા મારવાનું શરુ કરી દીધું

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ I

માવઠાની અસર ઉતર્યા બાદ આખરે ગુજરાતના દ્વારે શિયાળાએ ટકોરા મારવાનું શરુ કરી દીધું છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી ૩ દિવસ દરમિયાન તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાશે, જેના કારણે ઠંડીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો અનુભવાશે. ગુરુવાર રાત્રિએ નલિયામાં ૧૫.૫ ડિગ્રી લઘુતમ તાપ માન નોંધાયું હતું, જે રાજ્યનું સૌથી નીચું તાપમાન હતું.હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૩ દિવસમાં અમદાવાદનું લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે જવાની શક્યતા છે. ગત રાત્રિએ શહેરમાં ૨૧.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૨.૧ ડિગ્રી ઓછું હતું. એ જ રીતે, નલિયાનું તાપમાન પણ સામાન્ય કરતાં ૨.૫ ડિગ્રી ઓછું રહ્યું હતું.કચ્છ જિલ્લામાં હાલ વાતાવરણીય વિષમતાને કારણે બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. કારતક મહિનાના બીજા પખવાડિયાની શરુઆતે જ તાપમાનમાં દોઢથી સાડા ત્રણ ડિગ્રીનો ઘટાડો થતાં ઠંડીની શરુઆત થઈ છે. નલિયામાં સાડા ત્રણ ડિગ્રીના ઘટાડા સાથે પારો ૧૫.૫ ડિગ્રી સેલ્સિયસ પર સ્થિર થતાં તે રાજ્યનું સૌથી ઠંડુ મથક બન્યું હતું. તો બીજી તરફ ભુજમાં મહત્તમ તાપમાન ૩૪.૮ ડિગ્રી નોંધાતા તે રાજ્યનું સૌથી ગરમ મથક બન્યું



હતું.ભુજમાં લઘુતમ તાપમાન ૧૯.૯ ડિગ્રી, કંડલા પોર્ટ પર ૨૧ ડિગ્રી અને કંડલા ઍરપોર્ટ પર ૧૮.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જિલ્લામાં વહેલી સવારે અને રાત્રે ઠંડક જ્યારે બપોરે ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. માવઠાની અસર ઉતર્યા બાદ આખરે ગુજરાતના દ્વારે શિયાળાએ ટકોરા મારવાનું શરુ કરી દીધું છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી ૩ દિવસ દરમિયાન તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાશે, જેના કારણે ઠંડીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો અનુભવાશે. ગુરુવાર રાત્રિએ નલિયામાં ૧૫.૫ ડિગ્રી લઘુતમ તાપ માન નોંધાયું હતું, જે રાજ્યનું સૌથી નીચું તાપમાન હતું.હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૩ દિવસમાં અમદાવાદનું લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે જવાની શક્યતા છે. ગત રાત્રિએ શહેરમાં ૨૧.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૨.૧ ડિગ્રી ઓછું હતું. એ જ રીતે, નલિયાનું તાપમાન પણ સામાન્ય કરતાં ૨.૫ ડિગ્રી ઓછું રહ્યું હતું.

## સાવકો પિતા બન્યો હેવાન : ૨ વર્ષના બાળક સાથે આચર્યું સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય

I પ્રતિનિધિ, ભુજ, તા.૭ I

કચ્છ પૂર્વના અંજાર નજીક આવેલા એક ગામમાં બે વર્ષના માસૂમ આંગળિયાત પુત્ર સાથે સાવકા ૨૫ વર્ષીય પિતા દ્વારા સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સમગ્ર મામલે ભોગ બનનાર બાળકની ૨૫ વર્ષીય માતા દ્વારા બાળકના સાવકા પિતા વિરુદ્ધ અંજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે પણ આરોપીને ઝડપી પાડ્યો છે.મહિલાના પ્રથમ પતિનું મૃત્યુ થતાં તેણે બે વર્ષ પૂર્વે આરોપી સાથે લગ્ન કર્યા હતા. આગલા પતિથી થયેલા બે સંતાનોને આંગળિયાત તરીકે તે સાથે લાવી હતી. સોમવારના રોજ રાત્રે પોતાના બે વર્ષના પુત્રને પતિ બહાર ફરવા લઈ જવાના બહાને બાઈક પર બેસાડીને ગામના સીમાડે ખેતરમાં લઈ ગયો હતો. અડધી પોણી કલાક સુધી પરત ન ફરતા પત્નીએ પોતાના પતિને ફોન કરતા એક્સિડન્ટ થયું હોવાનું જણાવ્યું હતું. તેમજ થોડીવાર બાદ બાળકને લઈ તે ઘરે પરત ફર્યો હતો. પરંતુ પતિ ઘરે પરત ફર્યો ત્યારે બે વર્ષના પુત્રના ગાલ, હોઠ તેમજ પ્રાઈવેટ પાર્ટમાંથી લોહી વહેતું હતું. તેમજ બાળક રડતું પણ હતું બીજી તરફ પતિને ઈજા ન પહોંચી હોવાથી કંઈક અજુગતું થયું હોવાની શંકા પત્નીને થઈ હતી.બાળકને અંજાર સરકારી હોસ્પિટલ તેમજ ત્યારબાદ વધુ સારવાર અર્થે ભુજ જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યું છે. ત્યારે તબીબો દ્વારા બાળકનું પરીક્ષણ કરતા બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હોવાનું જણાવવામાં આવ્યું હતું. જેના આધારે પત્નીએ પોતાના જ પતિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યું છે.અંજાર પોલીસ સ્ટેશનના પીઆઇ અજયસિંહ ગોહિલ દ્વારા ન્યુઝ ૧૮ ગુજરાતી સાથેની વાતચીતમાં જણાવવામાં આવ્યું હતું કે, આરોપી છૂટક મજૂરી કામકાજ કરતો હોવાનું સામે આવ્યું છે. તેમજ તેના આ પ્રથમ લગ્ન છે. જ્યારે કે ભોગ બનનારની માતાના આ બીજા લગ્ન છે. બનાવ સંદર્ભે આરોપી દ્વારા પોલીસને જણાવવામાં આવ્યું છે કે, તેની પત્ની અગાઉ તેના થકી પ્રેગ્નેન્ટ થઈ હતી. પરંતુ તેણે ગર્ભપાત કરાવી લીધો હતો.

## શહેર પ્રમુખ દ્વારા વ્યક્ત કરેલી નારાજગી હવે ભાજપના કાર્યકર્તાઓમાં ટોપ ઓફ ટાઉન બની

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ I

લોકલ સ્વરાજ્યની ચૂંટણી નજીક આવી રહી છે અને ભાજપે ચૂંટણી પૂર્વે ગ્રાઉન્ડમાં જવાની રણનીતિ તૈયાર કરી છે. દર વર્ષની જેમ આ વખતે પણ સ્નેહમિલન સમારોહ યોજીને લોકો સાથે જોડાવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.ભાજપના દરેક વોર્ડમાં સ્નેહમિલન સમારોહ યોજાવાની તૈયારી ચાલી રહી છે, જે હવે વરસાદના કારણે ૯ નવેમ્બર સુધી ચાલશે.નૂતન વર્ષના સ્નેહમિલન કાર્યક્રમને લઈને શહેરના નરોડા વોર્ડમાં વિવાદ સર્જાયો છે. નરોડા વોર્ડના સ્નેહમિલન સમારોહમાં લગાવવામાં આવેલા બેનરને લઈને શહેર પ્રમુખ પ્રેરક શાહે નારાજગી વ્યક્ત કરી હતી. તાજેતરમાં જ નરોડા વોર્ડના સ્નેહમિલન સમારોહમાં નારાજ થયેલા શહેર પ્રમુખે કોઈ ભાષણ આપ્યા વિના જ નવા વર્ષની શુભેચ્છા પાઠવી સમારોહ છોડીને નીકળી ગયા હતા. તેઓએ પ્રોટોકોલનો ભંગ થવાની ફરિયાદ કરી હતી.ભાજપ કાર્યાલય તરફથી નૂતન વર્ષના સ્નેહમિલન માટે બેનરમાં ફોટા લગાવવા બાબતે ચોક્કસ સૂચના આપવામાં આવી છે. ભાજપના મુખ્ય નેતાઓના ફોટા ઉપર લગાવવા અને શહેર પ્રમુખ અને ધારાસભ્યના ફોટા નીચે અથવા નાના રાખવા કહેવામાં આવ્યું હતું. આ પ્રોટોકોલનો ભંગ થતા શહેર પ્રમુખના ફોટા મુખ્ય હરોળમાં હતા, જેના કારણે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. શહેર પ્રમુખની આ નારાજગી હવે ભાજપના કાર્યકર્તાઓમાં ચર્ચાનો વિષય બની ગઈ છે. લોકલ સ્વરાજ્યની ચૂંટણી નજીક આવી રહી છે અને ભાજપે ચૂંટણી પૂર્વે ગ્રાઉન્ડમાં જવાની રણનીતિ તૈયાર કરી છે. દર વર્ષની જેમ આ વખતે પણ સ્નેહમિલન સમારોહ યોજીને લોકો સાથે જોડાવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## વેપારીઓમાં અફરા તફરીનો માહોલ જોવા મળી રહ્યો છે

# સુરતના સારોલીમાં ટેક્સટાઈલ માર્કેટમાં ૧૨મા માળે આગ I અફરાતફરી વચ્ચે ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે

I પ્રતિનિધિ, સુરત, તા.૭ I

સુરતના સારોલીમાં આવેલી ટેક્સટાઈલ માર્કેટમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. અહીં કુબેરજી ટેક્સટાઈલ વર્લ્ડ માર્કેટમાં ૧૨મા માળે આગ લાગી હોવાની જાણકારી સામે આવી રહી છે. જોકે આ ઘટનાની જાણ કરાતા જ ફાયરબ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે. વેપારીઓમાં અફરા તફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે ગણતરીના કલાકોમાં જ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવી લીધો છે અને ફાયર વિભાગ દ્વારા હાલ કુલિંગની કામગીરી કરવામાં આવી રહી છે.આગની જાણ થતાં જ ફાયરબ્રિગેડનો મોટો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર વિભાગના જવાનો દ્વારા આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો



યુદ્ધના ધોરણે શરૂ કરી આગ પર કાબૂ મેળવી લીધો છે. ૧૨મા માળે આગ લાગી હોવાથી ફાયરબ્રિગેડને આગ બુઝાવવામાં પડકારોનો સામનો કરવો પડ્યો હતો.આગના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાઈ જોવા હતા. ઘટનાસ્થળે લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા, જેમને પોલીસે દૂર હટાવવાની કામગીરી હાથ ધરી હતી. હાલમાં આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર હજુ સુધી પ્રાપ્ત થયા નથી, પરંતુ માર્કેટમાં મોટા પ્રમાણમાં માલસામાન બળીને ખાખ થવાની આશંકા છે. ફાયર વિભાગ દ્વારા હાલ કુલિંગની કામગીરી કરવામાં આવી રહી છે. સુરતના સારોલીમાં આવેલી ટેક્સટાઈલ માર્કેટમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. અહીં કુબેરજી ટેક્સટાઈલ વર્લ્ડ માર્કેટમાં ૧૨મા માળે આગ લાગી હોવાની જાણકારી સામે આવી રહી છે. જોકે આ ઘટનાની જાણ કરાતા જ ફાયરબ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે. વેપારીઓમાં અફરા તફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે ગણતરીના કલાકોમાં જ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવી લીધો છે અને ફાયર વિભાગ દ્વારા હાલ કુલિંગની કામગીરી કરવામાં આવી રહી છે.આગની જાણ થતાં જ ફાયરબ્રિગેડનો મોટો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર વિભાગના જવાનો દ્વારા આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો યુદ્ધના ધોરણે શરૂ કરી આગ પર કાબૂ મેળવી લીધો છે.

## વેરાવળના આદરી ગામે પ્રિ-વેડિંગ શૂટ દરમિયાન યુવતી દરિયામાં તણાઈ, શોધખોળ ચાલુ

I પ્રતિનિધિ, ગીર સોમનાથ, તા.૭ I

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ નજીક આવેલા આદરી ગામે દરિયાકિનારે પ્રિ-વેડિંગ શૂટ દરમિયાન એક યુવતી દરિયામાં ડૂબી જવાની કરૂણ ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં પાંચ લોકો સેલ્ફી લેતી વખતે દરિયાના જોરદાર મોજાની ઝપેટમાં આવી ગયા હતા, જેમાં ચાર લોકો બચાવવામાં સફળ રહ્યા જ્યારે એક યુવતી તણાઈ ગઈ હતી.મળતી માહિતી અનુસાર, પ્રિ-વેડિંગ શૂટ માટે આવેલું કપલ તેમના મિત્રો સાથે આદરી ગામના દરિયાકિનારે હતા. જેમાં પાંચ વ્યક્તિઓ દરિયાકિનારે ઊભા રહીને સેલ્ફી લઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક એક મોટું મોજું આવ્યું. ચાર લોકો એકબીજાના હાથ પકડી લેતા બચવામાં સફળ રહ્યા હતા. જોકે, એક યુવતીને આ જોરદાર મોજું સમુદ્રની અંદર ખેંચી ગયું હતું.ઘટનાની જાણ થતાં જ મરિન પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને તણાઈ ગયેલી યુવતીની શોધખોળ શરૂ કરી હતી. દરિયામાં ગરકાવ થયેલ યુવતીને શોધવા માટે સ્થાનિક માછીમારોની પણ મદદ લેવામાં આવી રહી છે. દરિયાના જોરદાર મોજા અને ઊંડા પાણીને કારણે યુવતીને શોધવાના પ્રયાસો મુશ્કેલ બની રહ્યા છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

## જામજોધપુરના ખેડૂત યુવાનનો માનસિક બીમારીથી કંટાળી જઈ ઝેરી દવા પીધી

I પ્રતિનિધિ, જામનગર, તા.૭ I

જામજોધપુરના સતાપર ગામનઃ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સત્તાપર ગામમાં રહેતા અને ખેતી કામ કરતા અમિત કરસનભાઈ નકુમ નામના ૪૩ વર્ષના કારડીયા રાજપુત ખેડૂત યુવાને ગઈકાલે પોતાની વાડીમાં પાકમાં છાંટવાની ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેનું કરુણ મૃત્યુ નીપજ્યું છે.આ બનાવ અંગે મૃતકના નાનાભાઈ અજય કરસનભાઈ નકુમે પોલીસને જાણ કરતાં જામજોધપુર પોલીસે બનાવના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પૂછપરછ દરમિયાન મૃતક યુવાન છેલ્લા ચાર વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હતા, અને તેની પોરબંદરની હોસ્પિટલમાં દવા પણ ચાલતી હતી. જેનાથી સારું નહીં થતાં પોતે કંટાળી ગયા હતા, અને આત્મહત્યાનું પગલું ભરી લીધું હોવાનું પોલીસ સમક્ષ જાહેર થયું છે.ı ખેડૂત યુવાનનો માનસિક બીમારીથી કંટાળી જઈ ઝેરી દવા ગટગટાવી આપઘાત જામજોધપુરના સતાપર ગામનઃ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સત્તાપર ગામમાં રહેતા અને ખેતી કામ કરતા અમિત કરસનભાઈ નકુમ નામના ૪૩ વર્ષના કારડીયા રાજપુત ખેડૂત યુવાને ગઈકાલે પોતાની વાડીમાં પાકમાં છાંટવાની ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેનું કરુણ મૃત્યુ નીપજ્યું છે.




### અમૂલ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી

# અમૂલ દૂધમાં કેમિકલ - જંતુનાશકની ભેળસેળનો આરોપ । રાજકોટના ડોક્ટર સામે પોલીસ ફરિયાદ

**રાજકોટના એક ડોક્ટરે યુ-ટ્યુબ વીડિયો દ્વારા અમૂલ દૂધમાં ૨૨ પ્રકારના કેમિકલ અને પ્રતિબંધિત જંતુનાશક દવાઓ ભેળવવામાં આવતી હોવાનો દાવો કર્યો**

। પ્રતિનિધિ, આણંદ, તા.૭ ।

એશિયાની સૌથી મોટી અને જાણીતી દૂધની ડેરી 'અમૂલ' સામે સોશિયલ મીડિયા પર ગંભીર આક્ષેપો કરવામાં આવતા મામલો ગરમાયો છે. રાજકોટના એક ડૉક્ટરે યુ-ટ્યુબ વીડિયો દ્વારા અમૂલ દૂધમાં ૨૨ પ્રકારના કેમિકલ અને પ્રતિબંધિત જંતુનાશક દવાઓ ભેળવવામાં આવતી હોવાનો દાવો કર્યો છે.

આ વીડિયો વાયરલ થતાં જ અમૂલ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કંપનીએ આ આક્ષેપોને તદ્દન ભ્રમિત અને ખોટા ગણાવીને વીડિયો બનાવનાર ડૉક્ટર સામે અમદાવાદના ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.મળતી માહિતી મુજબ અમૂલના ક્વોલિટી એશ્યોરન્સ આસિસ્ટન્ટ મેનેજર આકાશ પુરોહિતની નજરે ચાર દિવસ પહેલા યુ-ટ્યુબ પર એક વીડિયો આવ્યો હતો. આ વીડિયો રાજકોટના ડૉ. હિતેશ જાની દ્વારા તેમની ચેનલ પર 'તમારા ઘરે કેવું દૂધ આવે છે?' ટાઈટલ સાથે અપલોડ કરાયો હતો. વીડિયોમાં ડૉ. જાનીએ અમૂલ દૂધને નિશાન બનાવી ગંભીર આક્ષેપો કર્યા હતા. જેમ કે દૂધમાં ૨૨ પ્રકારના અલગ-અલગ કેમિકલ ઉમેરવામાં આવે છે અને ડીડીટી જેવા પ્રતિબંધિત જંતુનાશક દવાઓનો ઉપયોગ થાય છે.એટલું જ નહી ગ્રાહકોને મળતું દૂધ સાત દિવસ જૂનું હોય છે.



૫૦૦ મિલીના પાઉચમાં ૪૮૦થી ૪૯૦ મિલી દૂધ ભરીને નફાખોરી અને છેતરપિંડી કરવામાં આવે છે. વીડિયોમાં એમ પણ કહેવાયું કે ISI-FSSAI સ્ટેમ્પ હોવા છતાં ઉત્પાદનો અસુરક્ષિત છે અને અધિકારીઓ કોઈ પગલાં લેતા નથી.આ વીડિયોમાં કરવામાં આવેલી ભ્રમિત વાતો અને 'ષડયંત્ર બહાર લાવવા માટે વીડિયો વાયરલ કરો' વગેરે જેવી અપીલને પગલે અમૂલ દ્વારા ગંભીર નોંધ લેવામાં આવી છે. અમૂલ કંપની વતી આકાશ પુરોહિતે આ મામલે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ડૉ. હિતેશ જાની વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવાયું છે કે ડૉ. જાની દ્વારા અમૂલ બ્રાન્ડને બદનામ કરવાના ઈરાદે આ ખોટી અને ભ્રમિત વાતો ફેલાવવામાં આવી રહી છે. કંપનીએ વીડિયોમાં કરાયેલા તમામ દાવાઓને સદંતર નકારી કાઢ્યા છે અને તેને પ્રજાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ ગણાવ્યો છે.

હાલમાં ચાંદખેડા પોલીસે આ ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે અને સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ વીડિયોની ખરાઈ કરવાની કાર્યવાહી શરુ કરી છે.

એશિયાની સૌથી મોટી અને જાણીતી દૂધની ડેરી 'અમૂલ' સામે સોશિયલ મીડિયા પર ગંભીર આક્ષેપો કરવામાં આવતા મામલો ગરમાયો છે.

રાજકોટના એક ડૉક્ટરે યુ-ટ્યુબ વીડિયો દ્વારા અમૂલ દૂધમાં ૨૨ પ્રકારના કેમિકલ અને પ્રતિબંધિત જંતુનાશક દવાઓ ભેળવવામાં આવતી હોવાનો દાવો કર્યો છે.આ વીડિયો વાયરલ થતાં જ અમૂલ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### પશુ પણ નથી ખાતા : ખેડૂત

# જાફરાબાદ - સાવરકુંડલાના ખેડૂતોએ માવઠાથી નિષ્ફળ ગયેલા મગફળીના પાથરા સળગાવ્યા

। પ્રતિનિધિ, સાવરકુંડલા, તા.૭ ।

ગુજરાતમાં કમોસમી વરસાદના કારણે સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં ખેડૂતોના પાકને ભારે નુકસાન પહોંચ્યું છે. કપાસ, મગફળ સહિતનો પાક નાશ થતા ખેડૂતોની હાલત કફોડી બની છે. જેમાં અમરેલીના મોટાભાગના વિસ્તારોમાં અતિભારે માવઠું થતાં ખેડૂતો પાયમાલ થયા છે. તેવામાં જાફરાબાદ દરિયાઈ પંથકમાં આવેલા મોટા માણસા ગામે ખેડૂતના ૧૬ વીઘામાં વાવેલી મગફળીમાં સંપૂર્ણપણે નુકસાન થયું છે. જાફરાબાદના મોટા માણસાના ખેડૂતની ૧૬ વીઘાની મગફળીનો પાક ફેલ જતાં પાથરા સળગાવ્યા હતા. આ સાથે ડુંગળીના પાકમાં પશુઓને ચરિયાણ માટે ખૂલ્લું મૂક્યું હતું.

મગફળી અને ડુંગળીનો પાક નિષ્ફળ જતાં ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. જેમાં દેવું કરીને પકવેલા ખેતીપાક નષ્ટ થતાં ખેડૂતોએ ના છૂટકે મગફળી સળગાવી પડી હતી. આ ઉપરાંત, ખાંભાના નાની ધારીમાં અનેક ખેડૂતોના મગફળી સહિતના પાકને ભારે નુકસાની થઈ છે. ખેડૂતોનું કહેવું છે કે, માવઠાના કારણે નિષ્ફળ ગયેલા પાકને અંતે સળગાવ્યા સિવાય બીજો કોઈ રસ્તો રહ્યો નથી. જ્યારે નાની ધારીમાં મગફળી પર ટ્રેક્ટર ફેરવી દેવાયું છે. બીજી તરફ, સાવરકુંડલાના આંબરડીમાં ખેડૂતે મગફળીના પાથરા સળગાવ્યા છે. ખેડૂતો માગ કરી રહ્યા છે કે, સરકાર ખેડૂતોના દેવા માફ કરે.

## જામનગર શહેર ભાજપ સંગઠનમાં હોદેદારોની વરણી મુદ્દે પ્રદેશમાંથી આવેલા નિરીક્ષકોની ઉપસ્થિથીમાં બેઠક યોજાઈ

। પ્રતિનિધિ, જામનગર, તા.૭ ।


ભારતીય જનતા પાર્ટી જામનગર શહેર સંગઠનના હોદ્દેદારો નિમણૂક અન્વયે સંકલન સમિતિની આજે સવારે બેઠક યોજાઈ હતી.જામનગર શહેર ભાજપના સંગઠનના હોદ્દેદારોની નિમણૂક કરવાની બાકી છે. આથી આજે પ્રદેશથી આવેલ નિરીક્ષકો, રાજુભાઈ શુક્લ (અરવલ્લી જિલ્લા પ્રભારી), વંદનાબેન મકવાણા (કેશોદ પૂર્વ ધારાસભ્ય), શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી, સાંસદ પૂનમબેન માડમ, રાજ્યમંત્રી રિવાબા જાડેજા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, મેયર વિનોદ ખીમસૂરિયા, પૂર્વ પ્રમુખ ડો.વિમલ કગથરા, જામનગર જિલ્લા પ્રભારી પલ્લવીબેન ઠાકર, રાજ્ય સરકારના પૂર્વ મંત્રીઓ પરમાણંદભાઈ ખટ્ટર, ધમેન્દ્રસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ અને ગહન ચર્ચા કરવામાં આવી હતી.

ભારતીય જનતા પાર્ટી જામનગર શહેર સંગઠનના હોદ્દેદારો નિમણૂક અન્વયે સંકલન સમિતિની આજે સવારે બેઠક યોજાઈ હતી.જામનગર શહેર ભાજપના સંગઠનના હોદ્દેદારોની નિમણૂક કરવાની બાકી છે.

## મહેસાણાના કડીમાંથી હૃદયદ્રાવક ઘટના : કબાટમાં પુરાઈ જતાં ૭ વર્ષની બાળકીનું ગૂંગળામણથી કરૂણ મોત

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૭ ।

મહેસાણા જિલ્લાના કડી શહેરમાંથી માતા-પિતા માટે એક અત્યંત ચેતવણીરૂપ અને લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. કડીના કરણનગર રોડ પર આવેલી શુકન બંગ્લોઝ સોસાયટીમાં, રમતા-રમતા ૭ વર્ષની માસૂમ બાળકી કબાટમાં પુરાઈ જતાં શ્વાસ રૂંધાવાથી તેનું કરૂણ મોત નીપજ્યું છે. આ હૃદય કંપાવી દેનારી ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર કડીના શુકન બંગ્લોઝમાં રહેતા એક મહારાષ્ટ્રીયન પરિવારની ૭ વર્ષીય દીકરી ઘરમાં રમી રહી હતી. આ દરમિયાન બાળકીની માતા ઘરના ધાબા પર સફાઈ કરવા માટે ગયા હતા. માતાની ગેરહાજરીમાં બાળકી રમતા-રમતા અચાનક ઘરના કબાટમાં સંતાઈ ગઈ અને કમનસીબે કબાટ બંધ થઈ ગયું. કબાટમાં પુરાઈ જવાને કારણે બાળકીને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી હતી. લાંબા સમય સુધી કબાટમાં બંધ રહેવાથી ગૂંગળામણના કારણે બાળકીનો શ્વાસ રૂંધાઈ ગયો હતો.જ્યારે બાળકીની માતા ધાબું સાફ કરીને નીચે આવી, ત્યારે તેમને પોતાની દીકરી ક્યાંય દેખાઈ ન હતી. તેમણે ગભરાઈને તાત્કાલિક બાળકીની શોધખોળ શરૂ કરી. ઘરના ખૂણે-ખૂણામાં તપાસ કર્યા બાદ જ્યારે તેમણે કબાટ ખોલ્યું, તો દીકરી તેમાંથી બેભાન અવસ્થામાં મળી આવી હતી.પરિવારજનો બાળકીને તાત્કાલિકના ધોરણે નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે, હોસ્પિટલ પહોંચે તે પહેલા જ બાળકીનું મોત થઈ ચૂક્યું હતું. ફરજ પરના તબીબોએ બાળકીને મૃત જાહેર કરી હતી. પોતાની વ્હાલસોયી દીકરીનું અચાનક અને અણધાર્યું મોત નીપજતા મહારાષ્ટ્રીયન પરિવાર પર જાણે આભ ફાટી પડ્યું હતું અને તેમના પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ સર્જી દીધો છે.






## તંત્રી લેખ..

# અન્ના હજારે અને કેજરીવાલ બાદ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સૌથી મોટા નેતા હતા

મનીષ સિસોદિયાની ધરપકડ આમ આદમી પાર્ટી માટે ઈતિહાસનું એક ચક્ર પૂરું કરવા સમાન છે. સિસોદિયા દિલ્હી સરકારમાં જ નંબર બે નથી, પરંતુ પાર્ટીમાં પણ તેઓ નંબર બેની હેસિયત ધરાવે છે. તેમનું મહત્ત્વ સરકાર અને પાર્ટીથી વધારે એ વાતથી છે કે અન્ના હજારે અને કેજરીવાલ બાદ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સૌથી મોટા નેતા હતા. મનમોહન સરકારે જ્યારે અન્ના અને કેજરીવાલને તિહાર જેલમાં મોકલ્યા હતા, ત્યારે સિસોદિયા પણ જેલમાં ગયા હતા. કેજરીવાલ સાથે તેમની ગાઢ મિત્રતા છે. અન્ના આંદોલનની રૂપરેખા પણ બંનેએ મળીને બનાવી હતી. ચહેરા તરીકે અન્નાની પસંદગી પણ બંનેએ મળીને જ કરી હતી. કહી શકાય કે અન્ના આંદોલનના નાયક જો કેજરીવાલ હતા, તો સિસોદિયાની ભૂમિકા પણ નાયકથી ઓછી ન હતી. એવામાં ભ્રષ્ટાચાર વિરોધી નાયકનું ભ્રષ્ટાચારના આરોપમાં જેલ જવું ઘણું વિરોધાભાસી છે. આપ સરકારની શરાબ નીતિ પહેલેથી જ વિવાદોમાં હતી. શરાબના કોન્ટ્રાક્ટ ખાનગી હાથમાં આપવાના સરકારના નિર્ણય પર પહેલા દિવસથી જ સવાલ ઉઠવા લાગ્યા હતા. એમ કહેવું મુશ્કેલ છે કે શરાબ નીતિમાં કૌભાંડ થયું કે નહીં, તે તપાસનો વિષય છે, પરંતુ જે રીતે નવા ઉપરાજ્યપાલના આવ્યા બાદ સીબીઆઈ તપાસના આદેશ આપવામાં આવ્યા, તેના તરત બાદ મનીષ સિસોદિયા દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને નવી નીતિ માટે પૂર્વ ઉપરાજ્યપાલ અનિલ બૈજલને જવાબદાર ઠેરવવામાં આવ્યા, તેનાથી આખી શરાબ નીતિને બદલવાની શંકાને પાકી કરવામાં મોટી ભૂમિકા નિભાવી કે ક્યાંકને ક્યાંક કોઈ ગરબડ તો છે જ! શંકાની દીવાલ ત્યારે વધુ મોટી થઈ જાય છે જ્યારે ગોવા અને પંજાબની ચૂંટણી દરમ્યાન પાણીની જેમ પૈસા વહાવવામાં આવ્યા. ટીકાકારો સવાલ પૂછવા લાગ્યા હતા અને આ જ એ ક્ષણ હતી જ્યારે સરકારી એજન્સીઓને આપ પર હાથ નાખવાનો મોકો મળી ગયો. આ આરોપોમાં કેટલો દમ છે અને તેમાં સિસોદિયાની શી ભૂમિકા છે એ તો અદાલતમાં સાબિત થશે, પરંતુ પાર્ટી પર દાગ ચોક્કસ લાગી ગયો. એ માનવું થોડું મુશ્કેલ છે કે સિસોદિયા જેવા નેતા પર કેન્દ્ર સરકારે એમ જ હાથ નાખી દીધો હોય. આમ આદમી પાર્ટી ૨૦૧૦ના દાયકામાં એક એવા વિચાર તરીકે ઉભરી હતી, જેને સત્તા અને રાજનીતિના અશ્લીલ અને ઘૃણિત ગઠબંધન વિરુદ્ધ વિદ્રોહ કહી શકાય. તેણે ભ્રષ્ટાચારના વિરોધમાં દેશમાં એવી હવા ઊભી કરી કે મનમોહન સિંહની સરકાર ઊડી ગઈ, કોંગ્રેસ સંકટમાં ઘેરાઈ ગઈ અને મોદી નામનો વિચાર દેશ પર છવાઈ ગયો. આપ પાસે દેશ-દુનિયાને નવી દૃષ્ટિ આપવાની આશા લોકો રાખતા હતા. એ સંજોગ નથી કે જ્યારે મોદીનું વાવાઝોડું આખા દેશમાં ફરી રહ્યું હતું.

# શારરિક કસરતને લઇને લાપરવાહી



હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઈ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઈને વધારે સાવધાન થઈ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઈમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઈટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઈ રહી છે. તબીબો કહે છે કે આઈસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશેલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઈ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઈટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



વિશેષ

લેખક : પ્રોફેસર બેજોન કુમાર મિશ્રા

## આનુવંશિક કોલેસ્ટ્રોલ ડિસઓર્ડરથી પીડાતા દર્દી વાર્ષિક આશરે ₹૪૮,૦૦૦ બચાવી શકે છે

**૫૬મી GST કાઉન્સિલનો નિર્ણય દરેક ભારતીયને સસ્તા દરે ગુણવત્તાયુક્ત અને સલામત આરોગ્યસંભાળ પૂરી પાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે । કેટલાક નીતિગત નિર્ણયો સિસ્ટમમાં પરિવર્તન લાવે છે, અને એવા દુર્લભ સુધારાઓ છે જે જીવનને બદલવાની શક્તિ ધરાવે છે**

# સૌ માટે આરોગ્યસંભાળ : GST સંબંધિત સુધારાઓથી ભારતની આરોગ્યસંભાળની વાર્તાનું પુનઃઆલેખન

**દુર્લભ રોગો માટેની રાષ્ટ્રીય નીતિ સાથે, જે ₹૫૦ લાખ સુધીની નાણાંકીય સહાય પૂરી પાડે છે, અમે દુર્લભ રોગોથી પ્રભાવિત ૭૨ મિલિયન ભારતીયો માટે એક વ્યાપક સુરક્ષા કવચ બનાવવા તરફ આગળ વધી રહ્યા છીએ**






૫૬મી GST કાઉન્સિલનો નિર્ણય દરેક ભારતીયને સસ્તા દરે ગુણવત્તાયુક્ત અને સલામત આરોગ્યસંભાળ પૂરી પાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.કેટલાક નીતિગત નિર્ણયો સિસ્ટમમાં પરિવર્તન લાવે છે, અને એવા દુર્લભ સુધારાઓ છે જે જીવનને બદલવાની શક્તિ ધરાવે છે. ૫૬મી GST કાઉન્સિલ દ્વારા હાથ ધરવામાં આવેલા વ્યાપક આરોગ્ય સંભાળ કર સુધારાઓ નિર્ણાયક રીતે બાદની શ્રેણીમાં આવે છે. ચાર દાયકાથી વધુ સમયથી ભારતના આરોગ્ય સંભાળ ક્ષેત્રના ઉત્ક્રાંતિના સાક્ષી તરીકે, હું વિશ્વાસપૂર્વક કહી શકું છું: આ એક ક્રાંતિકારી પરિવર્તન છે.

**શાસન અને કરુણાનું મિશ્રણ**

કલ્પના કરો કે ભારતના એક ટિયર-૨ શહેરમાં એક માતા પોતાના બાળકને એક દુર્લભ આનુવંશિક રોગ સાથે સંઘર્ષ કરતા જોઈ રહી છે. હમણાં સુધી, સારવારના અતિશય ખર્ચે તેણીને અશક્ય વિકલ્પો રજૂ કર્યા જેમકે, પોતાનું ઘર વેચવું, અતિશય વ્યાજ દરે ઉધાર લેવું, અથવા લાચારીથી જોતા રહેવું. ૩૬ જીવનરક્ષક દવાઓને GSTમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવાના સરકારના નિર્ણયે આ ક્રૂર ગણતરીને સંપૂર્ણપણે બદલી નાખી છે અને તે માતાના ચહેરા પર સ્મિત લાવી દીધું છે. આ ધીમે-ધીમે, ક્રમિક ફેરફારો નથી. કેન્સરની સારવાર, હૃદય રોગની દવાઓ, આનુવંશિક રોગોની સારવાર અને દુર્લભ રોગો - આ બધા હવે GST માંથી સંપૂર્ણપણે મુક્ત છે. દુર્લભ રોગો માટેની રાષ્ટ્રીય નીતિ સાથે, જે ₹૫૦ લાખ સુધીની નાણાંકીય સહાય પૂરી પાડે છે, અમે દુર્લભ રોગોથી પ્રભાવિત ૭૨ મિલિયન ભારતીયો માટે એક વ્યાપક સુરક્ષા કવચ બનાવવા તરફ આગળ વધી રહ્યા છીએ. આ માનવ ચહેરા સાથે શાસનનું ઉદાહરણ છે.

**આશાનું ગણિત**

આંકડા ઘણીવાર માનવ વાર્તાઓને અસ્પષ્ટ કરે છે. પરંતુ આ કિસ્સામાં, તેઓ આવી વાર્તાઓને પ્રકાશિત કરે છે. વ્યવહારમાં આ સુધારાઓનો અર્થ શું છે તે ધ્યાનમાં લો:આનુવંશિક કોલેસ્ટ્રોલ ડિસઓર્ડરથી પીડાતા દર્દી વાર્ષિક આશરે ₹૪૮,૦૦૦ બચાવી શકે છે. ફેબ્રી રોગથી પીડાતા દર્દી, જે કિડની, હૃદય અને નર્વસ સિસ્ટમને અસર કરતી એક દુર્લભ બીમારી છે, તેના સારવાર ખર્ચમાં વાર્ષિક ₹૧.૯ મિલિયન સુધીનો ઘટાડો થઈ શકે છે. વધુ સામાન્ય ક્રોનિક રોગો માટે પણ, આ રાહત નોંધપાત્ર છે. ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર ધરાવતા દર્દીઓ વાર્ષિક ₹૬,૦૦૦ સુધી બચાવી શકે છે.આ બચત માત્ર બજેટના દબાણને ઘટાડે છે, પરંતુ જીવન પણ બચાવે છે. બચાવેલ દરેક રૂપિયો સતત સારવાર સુનિશ્ચિત કરે છે, પરિવારોને તબીબી તંગીથી બચાવે છે અને દર્દીઓને તેમની બીમારી સામે લડતી વખતે ગૌરવ અને સલામતી જાળવવામાં મદદ કરે છે.

**દવાઓથી આગળ**

આ સુધારાઓની તાકાત તેમની વ્યાપક અસરમાં રહેલી છે. આવશ્યક દવાઓ પર GST ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા, તબીબી ઉપકરણો પર જીએ્જી ૧૮ ટકા/૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા અને નિદાન ઉપકરણો પર GST ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરીને, સરકારે સમગ્ર આરોગ્યસંભાળ મૂલ્ય શૃંખલાને સંબોધિત કરી છે. આરોગ્ય અને જીવન વીમા પ્રીમિયમ પર સંપૂર્ણ મુક્તિ ખાસ કરીને મહત્વપૂર્ણ છે. આ પગલું એ સ્વીકારે છે કે નાણાંકીય સુરક્ષા સારવાર જેટલી જ મહત્વપૂર્ણ છે.આ પગલું ફક્ત આજે આરોગ્યસંભાળને સસ્તું બનાવવા વિશે નથી; તે ભવિષ્યમાં આ કિફાયતી સેવાને સ્થાયી કરવા વિશે પણ છે. આવશ્યક અને જટિલ જેનેરિક દવાઓના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપીને, આ સુધારાઓ "આત્મનિર્ભર ભારત"ની ભાવનાને મૂર્તિમંત કરે છે અને ખાતરી કરે છે કે ભારત આયાત પર નિર્ભરતા માટે બંધક ન બને. સરળ કર માળખાનો અર્થ એ છે કે ફાર્માસ્યુટિકલ કંપનીઓ પાલનની મુશ્કેલીઓને બદલે નવીનતા અને ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

**સાર્વત્રિક અસર**

મને સૌથી વધુ ઉત્સાહ છે કે આ સુધારાઓ એક સકારાત્મક ચક્ર બનાવે છે. ઓછા ખર્ચનો અર્થ સારવારનું વધુ સારું પાલન થાય છે. આ સુધારેલ પાલનનો અર્થ સારા સ્વાસ્થ્ય પરિણામો થાય છે. સારા પરિણામોનો અર્થ આરોગ્યસંભાળ પરના બોજમાં લાંબા ગાળાનો ઘટાડો થાય છે. પોષણક્ષમ નિવારક સંભાળનો અર્થ વહેલા હસ્તક્ષેપનો અર્થ થાય છે. વહેલા હસ્તક્ષેપનો અર્થ થાય છે વધુ સારું નિદાન અને એકંદર ખર્ચ ઓછો.અચાનક, દૈનિક મજૂરને હવે દવા અને ખોરાક વચ્ચે પસંદગી કરવાની જરૂર નથી. મધ્યમ વર્ગના પરિવારને હવે આરોગ્ય કટોકટી માટે તેમની બચતમાં ડૂબકી લગાવવાની જરૂર નથી. વૃદ્ધોને હવે તબીબી ખર્ચ માટે ફક્ત તેમના બાળકો પર આધાર રાખવો પડતો નથી. આરોગ્ય વીમો એક મહત્વાકાંક્ષાને બદલે સસ્તું બની ગયું છે.

**વિકસિત ભારત માટે એક રૂપરેખા**

ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાની ઈચ્છા રાખે છે. આ સંદર્ભમાં, આ સુધારો એક મહત્વપૂર્ણ પરિપ્રેક્ષ્ય પ્રદાન કરે છે: આરોગ્ય સુરક્ષા વિના આર્થિક વિકાસ એ પોકળ પ્રગતિ છે. ૫૬મી જીએ્જી કાઉન્સિલે માન્યતા આપી હતી કે ×વિકસિત ભારત× માટે સૌ પ્રથમ સ્વસ્થ ભારતની જરૂર છે - એક એવું ભારત જ્યાં તબીબી નિદાન નાણાંકીય તકલીફ તરફ દોરી ન જાય; એક એવું ભારત જ્યાં સારવાર ચૂકવણી કરવાની ક્ષમતા કરતાં ક્લિનિકલ જરૂરિયાતના આધારે નક્કી કરવામાં આવે છે. પરિવર્તનશીલ શાસન એ ફક્ત એટલું જ છે - છૂટાછવાયા પરિવર્તન નહીં, પરંતુ મૂળભૂત પુનર્કલ્પના. આનો અર્થ એ છે કે આરોગ્યસંભાળ કરપાત્ર વૈભવ નથી, પરંતુ નાગરિકોને સશક્ત બનાવતી મૂળભૂત જરૂરિયાત છે તે સ્વીકારવું.

**આગળનો રસ્તો**

અલબત્ત, ફક્ત કર સુધારાઓ ભારતના તમામ આરોગ્યસંભાળ પડકારોનો ઉકેલ નહીં લાવે. આપણને હજુ પણ વધુ ડોકટરો, વધુ સારા માળખાગત સુવિધાઓ, મજબૂત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સતત ફાર્માસ્યુટિકલ નવીનતા અને સર્જનાત્મક આરોગ્ય વીમા ઉત્પાદનોની જરૂર છે. પરંતુ તેમાં કોઈ શંકા નથી: આ GST સુધારાઓએ નોંધપાત્ર ફરક પાડ્યો છે. તેમણે સાબિત કર્યું છે કે જ્યારે નીતિઓ સહાનુભૂતિ અને દૂરંદેશી સાથે ડિઝાઈન કરવામાં આવે છે, ત્યારે વાસ્તવિક પરિવર્તન શક્ય છે.આ સુધારાઓ પછી વેચાણ ડેટા અને કેસ સ્ટડીઝ બહાર આવતા, તેઓ સતત પુષ્ટિ કરે છે કે હંમેશા નૈતિક રીતે સ્પષ્ટ રહ્યું છે: સુલભ આરોગ્યસંભાળ ફક્ત સારી નૈતિકતાની નિશાની નથી, પરંતુ સારા અર્થશાસ્ત્રની નિશાની છે. સ્વસ્થ નાગરિકો ઉત્પાદક નાગરિકો છે. સુરક્ષિત પરિવારો સ્થિર પરિવારો છે. વીમાધારક વસ્તી એક આત્મવિશ્વાસુ વસ્તી છે.૫૬મી GST કાઉન્સિલે ભારતને કર રાહત કરતાં ઘણું વધારે આપ્યું છે. તેણે લાખો પરિવારોને કંઈક વધુ મૂલ્યવાન આપ્યું છે: આશા. બીમારીનો અર્થ ગરીબી નથી. આશા કે ઈલાજ શક્ય છે. આશા કે આવતીકાલ આજ કરતાં વધુ સ્વસ્થ હશે.ભારતની વિકાસની યાત્રાની વાર્તામાં, આ સુધારાને એક વળાંક તરીકે યાદ કરવામાં આવશે - એક એવી ક્ષણ જ્યારે આરોગ્યસંભાળ ખરેખર એક વિશેષાધિકારથી અધિકાર તરફ, એક આકાંક્ષાથી વાસ્તવિકતા તરફની સફર શરૂ કરી હતી.

આ ફક્ત સારી નીતિ નથી. તે પરિવર્તનશીલ નેતૃત્વ છે.

(પ્રોફેસર બેજોન કુમાર મિશ્રા, નેશનલ લો યુનિવર્સિટી, હૈદરાબાદ ખાતે માનદ પ્રોફેસર)



## નિષ્ણાંતોની ચેતવણી : પાણીનો બગાડ જળ કટોકટી સર્જી શકે છે

**વરસાદી પાણીને સંગ્રહ કરવામાં આવે તે જરૂરી છે ભારતના કેટલાક ભાગોમાં પાણીની સમસ્યા એટલી ગંભીર બની ગઇ છે કે તેનો લાભ લેવા માટે હવે બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ મેદાનમાં આવી ગઇ છે**

# પાણીની સમસ્યા વધુ વિકરાલ બનશે

**તમામ દેશો સામે આજે તેમના લોકોને શુદ્ધ પીવાનુ પાણી આપવાની બાબત સૌથી પડકારરૂપ બની ચુકી છે : નવા પ્રયોગો પણ જારી છે**



માત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં હવે પાણીની સમસ્યા દિન પ્રતિદિન વધુને વધુ વિકરાલ બની રહી છે. આ સમસ્યા તરફ જો ગંભીરરીતે ધ્યાન આપવામાં નહી આવે તો વધારે ખતરનાક બની શકે છે. આજે વિશ્વના મોટા ભાગના દેશો તેમના દેશમાં નાગરિકોને શુદ્ધ પાણી આપવામાં મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રે હાલમાં ચેતવણી આપતા કહ્યું છે કે જો પાણીના બગાડને રોકવામાં નહી આવે તો ટુંક સમયમાં જ વિશ્વને ગંભીરત જળ સંકટનો સામનો કરવાની ફરજ પડી શકે છે. વિશ્વ જળ વિકાસ રિપોર્ટની માહિતી દર ત્રણ વર્ષમાં જારી કરવામાં આવે છે. આ રિપોર્ટને તૈયાર કરવામાં જળ વિજ્ઞાન, અર્થશાસ્ત્રીઓ અને સામાજિક મુદ્દા સાથે જોડાયેલા નિષ્ણાંતો દ્વારા યુનેસ્કોની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવે છે. દુનિયાની વસ્તી હાલમાં જે રોકેટ ગતિથી વદી રહી છે તે જોતા તમામને સ્વચ્છ પીવાનુ પાણી ઉપલબ્ધ કરાવવાની બાબત વિશ્વના તમામ દેશો માટે હવે એક મોટા પડકાર તરીકે છે. પૃથ્વીના આશરે ૭૧ ટકા વિસ્તાર પર પાણી છે. પરંતુ આ જળ પૈકી ઉપયોગી જળનુ પ્રાણ માત્ર ત્રણ ટકા છે. હકીતમાં ખુબ ઓછા પ્રમાણમાં જ જળ માનવી માટે ઉપયોગી છે. પાણીની સમસ્યા આજે ભારતના મોટા ભાગના વિસ્તારોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચુકી છે. પાણીને બચાવવા માટેનો એક સરળ તરીકો વરસાદના પાણીને નુકસાન થતા રોકવાનો છે. આ વરસાદી પાણીને સંગ્રહ કરવામાં આવે તે જરૂરી છે. ભારતના કેટલાક ભાગોમાં પાણીની સમસ્યા એટલી ગંભીર બની ગઈ છે કે તેનો લાભ લેવા માટે હવે બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ મેદાનમાં આવી ગઈ છે. આજે દેશમાં બોટલમાં ઉપલબ્ધ પાણીનો કારોબાર સતત વધી રહ્યો છે. ચોક્કસપણે આ કોઈ સારા સમાચાર નથી. અંદાજ કહે છે કે ભારતમાં આશરે ૬૫-૭૦ ટકા પાણીનો ઉપયોગ કૃષિ કાર્ય પર ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપરાંત ઉદ્યોગોમાં પણ જળનો ઉપયોગ સતત વધી રહ્યો છે. સમસ્યા એ ઉભરીને આવી છે કે કૃષિ અને ઉદ્યોગને પુરતા પ્રમાણમાં પામી મળી રહ્યુ નથી. સાથે સાથે સામાન્ય લોકોને પણ પુરતુ પાણી મળી રહ્યુન થી. ભારતને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ બનાવી દેવામાં જળ સંશાધનનુ પણ એટલુ જ મહત્વ છે જેટલુ મહત્વ ઉર્જા અને અન્ય ક્ષેત્રોનુ છે. પરંતુ જળ સાચવણીનો મુદ્દો કેમ ગંભીરતાપૂર્વક હાથ ધરાતો નથી તે બાબત ગળે ઉતરતી નથી. આ સ્થિતી દેશની ગતિને ધીમી ધીમી પડનાર તરીકે છે. વરસાદના પાણીનેસંગ્રહ કરીને રાખવા અને પ્રદુષિત પાણીને ઉપયોગ કરનાર તરીકે બનાવવાની દિશામાં ગંભીરતાપૂર્વકધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. આવી જ રીતે ભૂગર્ભ જળને પણ પ્રદુષણથી બચાવી લેવાની દિશામાંપહેલ કરવાની જરૂર છે. જરૂર પડવાની સ્થિતીમાં દરિયાઇ જળને સિચાઈના પાણી તરીકે ઉપયોગ કરવાની દિશામાં નવી પદ્ધિતી વિકસિત કરવાની પણ જરૂર છે. જો જળના જતન અને સંગ્રહ માટે કોઈ નક્કર પગલા લેવામાં આવસે નહી તો પાણીનુ સંકટ દેશ માટે સંકટ ઉભા કરી શકે છે. આધનિક સમયમાં દુનિયામાં અનેક દેશ અને ખાસ કરીને વિકાસશીલ દેકોઈને કોઈ જળ સમસ્યાથી ગ્રસ્ત છે. જળ એંક ગતિશીલ સાધન તરીકે છે. અલબત્ત તેની ઉપલબ્ધતા અને વિતરણ અંગે કોઈ આગાહીવ નિશ્ચિત તરીકેથી કરી શકાય નહી પરંતુ તેની સંભવિત અસરને લઈને ચોક્કસરપણે મુલ્યાંકન કરી શકાય છે.જળ આર્થિક વિકાસ તથા પર્યાવરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. જેથી પાણી અનેક ક્ષેત્રમાં ઉપયોગી છે. જળ સ્તરના ઘટી જવાના અનેક કારણો રહેલા છે. જેમાં વન્ય વિસ્તારોમાં અને ઘાસના મેદાનમાં વારંવાર ફાટી નિકળતી આગની બાબત સામેલ છે. હિમાલિયન ક્ષેત્રો અને અન્ય ક્ષેત્રમાં ખાણની પ્રવતિ પણ જળ સ્તરને ઘટાડી દેવામાં ભૂમિકા ભજવે છે.આ ઉપરાંત વન્ય ક્ષેત્રોને સતત ઓચા કરવાની બાબત પણ સામેલ છે. પાણીનો દુરપયોગ હાલમાં સતત વધી રહ્યો છે. નળ અને પંપના વધતા જતા ઉપયોગનો અર્થ છે કે ભૂગર્ભ જળનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે હાલ હાલમાં અન્ય. તમામ સંશાધનોનો છે તે હાલ પાણીનો પણ છે.પાણીનો અભૂતપૂર્વરીતે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. જેથી પાણીની સપાટી સતત ઘટી રહી છે. આ બાબત કેટલાક રાજ્યોમાં તો ચિંતાજનક બની ચુકી છે. કુદરતીરીતે જેટલુ પાણી ભૂમિમાં જમા થયા છે તેના કરતા વધારે પાણી પાઈપથી બહાર ખેંચી લેવામાં ।આવ ે છે. પાણીના જતન માટે કેટલાક સુચનો જારી કરવામાં આવ્યા છે જે પૈકી એક સુચન એ છે કે જેટલા પ્રમાણમાં પાણીની જરૂર છે તેટલા પ્રમાણમાં જ પાણીના નળને ખોલવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત બ્રશ કરતી વેળી પાણીના નળને બંધ રાખવામાં આવે તે જરૂરી છે. પાણીના નળને એક વખતે ખોલવામાં આવે જ્યારે તેની જરૂર પડે છે. કપડા અને વાસણો ધોઈ કાઢવા માટે જરૂરી લાગે તેટલા પાણીનો જ ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. ટુંકમાં કોઈ પણ રીતે પાણીના ઉપયોગને સાવધાનીપૂર્વક કરવામાં આવે તે ખુબ જરૂરી છે. માત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં હવે પાણીની સમસ્યા દિન પ્રતિદિન વધુને વધુ વિકરાલ બની રહી છે. આ સમસ્યા તરફ જો ગંભીરરીતે ધ્યાન આપવામાં નહી આવે તો વધારે ખતરનાક બની શકે છે. આજે વિશ્વના મોટા ભાગના દેશો તેમના દેશમાં નાગરિકોને શુદ્ધ પાણી આપવામાં મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રે હાલમાં ચેતવણી આપતા કહ્યું છે કે જો પાણીના બગાડને રોકવામાં નહી આવે તો ટુંક સમયમાં જ વિશ્વને ગંભીરત જળ સંકટનો સામનો કરવાની ફરજ પડી શકે છે. વિશ્વ જળ વિકાસ રિપોર્ટની માહિતી દર ત્રણ વર્ષમાં જારી કરવામાં આવે છે. આ રિપોર્ટને તૈયાર કરવામાં જળ વિજ્ઞાન, અર્થશાસ્ત્રીઓ અને સામાજિક મુદ્દા સાથે જોડાયેલા નિષ્ણાંતો દ્વારા યુનેસ્કોની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવે છે. દુનિયાની વસ્તી હાલમાં જે રોકેટ ગતિથી વદી રહી છે તે જોતા તમામને સ્વચ્છ પીવાનુ પાણી ઉપલબ્ધ કરાવવાની બાબત વિશ્વના તમામ દેશો માટે હવે એક મોટા પડકાર તરીકે છે. પૃથ્વીના આશરે ૭૧ ટકા વિસ્તાર પર પાણી છે. પરંતુ આ જળ પૈકી ઉપયોગી જળનુ પ્રાણ માત્ર ત્રણ ટકા છે. હકીતમાં ખુબ ઓછા પ્રમાણમાં જ જળ માનવી માટે ઉપયોગી છે. પાણીની સમસ્યા આજે ભારતના મોટા ભાગના વિસ્તારોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચુકી છે. પાણીને બચાવવા માટેનો એક સરળ તરીકો વરસાદના પાણીને નુકસાન થતા રોકવાનો છે. આ વરસાદી પાણીને સંગ્રહ કરવામાં આવે તે જરૂરી છે. ભારતના કેટલાક ભાગોમાં પાણીની સમસ્યા એટલી ગંભીર બની ગઈ છે કે તેનો લાભ લેવા માટે હવે બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ મેદાનમાં આવી ગઈ છે. આજે દેશમાં બોટલમાં ઉપલબ્ધ પાણીનો કારોબાર સતત વધી રહ્યો છે. ચોક્કસપણે આ કોઈ સારા સમાચાર નથી.


Cyber Octet™
CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD
BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD
Learn Ethical Hacking & Cyber Security
WHY JOIN CYBER OCTET ?
LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
TASK AND RESEARCH BASED TRAINING
100 % PLACEMENT ASSISTANCE
LIVE PROJECTS
INTERNATIONAL ACCREDIATION
TRAINING BY:-
THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT
ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)
WHO CAN JOIN
STUDENTS
WORKING PROFESSIONALS
BUSINESS OWNERS
Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad
91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com




# મુંબઈના રેલવે સ્ટેશન પર મોટી દુર્ઘટના । ત્રણ મુસાફરોના મોત

। એજન્સી, મુંબઈ, તા.૭ ।

મુંબઈના મુખ્ય રેલવે સ્ટેશન છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ ખાતે ગુરુવારે સાંજે (૬ નવેમ્બર) રેલવે કર્મચારીઓની હડતાળના કારણે લોકલ ટ્રેન સેવાઓ ખોરવાતાં એક દર્દનાક અકસ્માત થયો હતો. સૅન્ડહર્સ્ટ રોડ સ્ટેશન નજીક રેલવે ટ્રેક પર ચાલી રહેલા મુસાફરોને એક તેજ ગતિવાળી ટ્રેને ટક્કર મારતાં ત્રણ લોકોનાં મોત થયા હોવાના અહેવાલ છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો.આ ઘટના ગુરુવારે સાંજે ૫.૫૦ વાગ્યાથી ૬.૪૫ વાગ્યાની વચ્ચે બની હતી. આજે રેલવે કર્મચારીઓએ ટર્મિનસ પર કામ બંધ કરીને હડતાળ કરી હતી. આ વિરોધ પ્રદર્શન મુમ્બ્રા અકસ્માતના સંબંધમાં બે એન્જિનિયરો વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ક્ષૈંઈના વિરોધમાં કરવામાં આવ્યો હતો. લગભગ એક કલાક સુધી ટ્રેન સેવાઓ સ્થગિત રહેતા હજારો મુસાફરો ટર્મિનસ સ્ટેશન પર ફસાયા હતા.ટ્રેન સેવાઓ ઠપ થતાં અને સ્ટેશન પર ભારે ભીડ જમા થવાના કારણે કેટલાક મુસાફરો ટ્રેકના કિનારે અને ટ્રેક પર ચાલીને આગળ વધી રહ્યા હતા. આ દરમિયાન અંબરનાથ ફાસ્ટ લોકલ ટ્રેન તેજ ગતિએ આવી અને ટ્રેક પર ચાલી રહેલા ચાર મુસાફરોને અથડાઈ હતી. આ અકસ્માતમાં કુલ ચાર મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા, જેમાં ત્રણ લોકોનાં મોત થયા હોવાના અને એક વ્યક્તિને ઈજા થઈ હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઈજાગ્રસ્તોમાં મહિલાઓનો પણ સમાવેશ થાય છે.

## બેન્ચે તમામ સંબંધિત અધિકારીઓને આદેશ આપ્યો

# સ્કૂલ-કોલેજ, હોસ્પિટલો, બસ-રેલવે સ્ટેશનો ઉપરથી રખડતા ઢોર-કૂતરા હટાવો । સુપ્રીમ કોર્ટનો કડક નિર્દેશ

## બીજી તરફ સુપ્રીમ કોર્ટે રાજસ્થાન હાઇકોર્ટના ચુકાદાને દોહરાવતા કહ્યું હતું કે, હાઇવે અને એક્સપ્રેસવે પરથી પણ રખડતાં ઢોર અને પ્રાણીઓને દૂર કરો અને તેમને આશ્રયસ્થાનોમાં મોકલો

। એજન્સી, નવી દિલ્હી, તા.૭ ।

સુપ્રીમ કોર્ટે દેશભરમાં શૈક્ષણિક સંસ્થાઓ, હૉસ્પિટલો અને હાઈવે અને રસ્તાઓ સહિત સંસ્થાકીય સ્થળોએ રખડતાં કૂતરા કરડવાના કેસોમાં થઈ રહેલા વધારાની ગંભીર નોંધ લીધી છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન. વી. અંજારિયાની બેન્ચે આ અંગે મહત્ત્વના નિર્દેશો જાહેર કર્યા છે. બેન્ચે તમામ સંબંધિત અધિકારીઓને આદેશ આપ્યો છે કે તે સરકારી અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ તેમજ હૉસ્પિટલોના પરિસરમાં રખડતાં કૂતરાને પ્રવેશતા અટકાવવા માટે તાત્કાલિક પગલાં લે, જેથી તેમના હુમલા રોકી શકાય. સુપ્રીમ કોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે, આવા સંસ્થાકીય પરિસરોમાંથી પ કડાયેલા રખડતા કૂતરાને નિયુક્ત આશ્રયસ્થાનોમાં લઈ જવા જોઈએ. આ ઉપરાંત કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે પ



કડાયેલા કૂતરા તે જ વિસ્તારમાં પાછા છોડવા ન આવે.

બીજી તરફ સુપ્રીમ કોર્ટે રાજસ્થાન હાઈકોર્ટના ચુકાદાને દોહરાવતા કહ્યું હતું કે, હાઈવે અને એક્સપ્રેસવે પરથી પણ રખડતાં ઢોર અને પ્રાણીઓને દૂર કરો અને તેમને આશ્રયસ્થાનોમાં મોકલો. કોર્ટે અધિકારીઓને એવા હાઈવેના વિસ્તારોને ઓળખવા માટે એક ખાસ ઝુંબેશ ચલાવવાનો પણ નિર્દેશ આપ્યો છે, જ્યાં રખડતાં પ્રાણીઓ વારંવાર જોવા મળે છે.ઉલ્લેખનીય છે કે, ત્રીજી નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે સંસ્થાકીય વિસ્તારોમાં કૂતરા કરડવાના ગંભીર જોખમને અટકાવવા માટે નિર્દેશ આપ વાની વાત કહી હતી, ખાસ કરીને જ્યાં સ્ટાફ રખડતાં કૂતરાને ખવડાવે છે અને તેમને પરિસરમાં રહેવા માટે પ્રોત્સાહન આપે છે. કોર્ટ દિલ્હીમાં કૂતરા કરડવાથી હડકવા ફેલાય છે તે અંગેના મીડિયા અહેવાલ બાદ ૨૮મી જુલાઈના રોજ શરુ કરાયેલા સુઓ મોટો કેસની સુનાવણી કરી રહી છે.

કોર્ટે રખડતાં કૂતરાના આ મુદ્દાને માત્ર દિલ્હી-રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રથી આગળ વધારીને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ કેસમાં પક્ષકાર બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. આ કેસની આગામી સુનાવણી ૧૩મી જાન્યુઆરી માટે નક્કી કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટે દેશભરમાં શૈક્ષણિક સંસ્થાઓ, હૉસ્પિટલો અને હાઈવે અને રસ્તાઓ સહિત સંસ્થાકીય સ્થળોએ રખડતાં કૂતરા કરડવાના કેસોમાં થઈ રહેલા વધારાની ગંભીર નોંધ લીધી છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન. વી. અંજારિયાની બેન્ચે આ અંગે મહત્ત્વના નિર્દેશો જાહેર કર્યા છે.

## હરિયાણામાં ભયાનક હત્યાકાંડ : ઘર સામે જ પોલીસ અધિકારીને ઉપદ્રવીઓએ ઈંટો મારી હત્યા કરી

। એજન્સી, હિસાર, તા.૭ ।

હરિયાણાના હિસારમાં એક ચોંકાવનારી અને દુઃખદ ઘટના બની છે. ધાની શ્યામલાલ વિસ્તારમાં કેટલાક યુવાનો દ્વારા કરવામાં આવતા હોબાળા અને ગાળાગાળીનો વિરોધ કરવા બદલ હરિયાણા પોલીસના સબ-ઈન્સ્પેક્ટર રમેશ કુમારની ઈંટો અને લાકડીઓ વડે માર મારીને હત્યા કરવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, મૃતક સબ-ઈન્સ્પેક્ટર રમેશ કુમાર છેલ્લા ૧૦ વર્ષથી એડીજીપી ની ઓફિસમાં ફરજ બજાવી રહ્યા હતા અને આવતા વર્ષે જાન્યુઆરી ૨૦૨૬માં નિવૃત્ત થવાના હતા. તે ધાની શ્યામલાલની શેરી નંબર ૩માં પોતાના પરિવાર સાથે રહેતા હતા. ગુરુવારે (છઠ્ઠી નવેમ્બર) રાત્રે લગભગ ૧૦:૩૦ વાગ્યે કેટલાક યુવાનો તેમની શેરીમાં હોબાળો કરી રહ્યા હતા અને ગાળો બોલી રહ્યા હતા.હોબાળો વધતા રમેશ કુમાર પોતાના ઘરની બહાર આવ્યા અને યુવાનોને શાંતિ રાખવા અને હોબાળો ન કરવા સમજાવ્યા. યુવાનો તે સમયે ત્યાંથી ચાલ્યા ગયા હતા, પરંતુ લગભગ એક કલાક પછી તેઓ કાર અને ટુ-વ્હીલર પર પાછા ફર્યા.પાછા ફરેલા હુમલાખોરોએ રમેશ કુમારના ઘરની સામે જ તેમની સાથે દુર્વ્યવહાર શરૂ કર્યો. જ્યારે રમેશે તેમને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે યુવાનોએ ઉશ્કેરાઈ જઈને લાકડીઓ અને ઈંટોથી તેમના પર જીવલેણ હુમલો કર્યો.

## પહેલગામ પછી, આતંકવાદીઓ કાશ્મીરમાં વધુ એક હુમલાની યોજના બનાવી રહ્યા છે

। એજન્સી, જમ્મુ, તા.૭ ।

એપ્રિલમાં જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને કોઈ ભૂલી શક્યું નથી. આ હુમલા બાદ, ભારતીય સેનાએ ઓપ રેશન સિંદૂર દ્વારા એક સાથે અનેક આતંકવાદીઓને ખતમ કરી દીધા. જો કે, આતંકવાદીઓ પીછેહઠ કરી રહ્યા નથી. કારણ કે ગુપ્તચર સૂત્રોએ ખુલાસો કર્યો છે કે આતંકવાદીઓ કાશ્મીરમાં પહેલગામ શૈલીના બીજા હુમલાની યોજના બનાવી રહ્યા છે. આ માહિતી સામે આવ્યા પછી સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે.ગુપ્તચર અહેવાલો અનુસાર, સપ્ટેમ્બરથી કાશ્મીરમાં આતંકવાદી ઘૂસણખોરી, ડ્રોન સર્વેલન્સ અને સરહદ પારથી લોજિસ્ટિક્સ સપ્લાયમાં વધારો થયો છે. પાકિસ્તાનની આઈએસઆઈ અને એસએસજી તરફથી સમર્થન મળતાં, લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના અનેક એકમો એલઓસી દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં પ્રવેશ્યા છે.આતંકવાદી શમશેરના લશ્કર-એ-તૈયબાના એક યુનિટે હવાઈ દેખરેખ માટે ડ્રોનનો ઉપયોગ કર્યાનું કહેવાય છે, જેનાથી આગામી અઠવાડિયામાં સંભવિત આત્મઘાતી હુમલાઓ અથવા હથિયારો છોડવાના સંકેતો મળી રહ્યા છે. ઓપ રેશન સિંદૂરમાં વિનાશ વેર્યો હોવા છતાં, પાકિસ્તાન તેની પ્રવૃત્તિઓ ચાલુ રાખે છે.

## વિશેષ કાયદાઓ ધર્મનિરપેક્ષ અને કલ્યાણ-કેન્દ્રિત હોવાથી વ્યક્તિગત કાયદાઓનું અતિલંઘન કરે છે

# ૧૮ વર્ષથી નાની વયે શારીરિક સંબંધ બાંધવા દુષ્કર્મ ગણાય મુસ્લિમ પર્સનલ લોને પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે નકાર્યો!

## કોર્ટના મતે, આમાં ધાર્મિક કે વ્યક્તિગત કાયદાકીય માન્યતાની સ્થિતિ, સંમતિ, કે પછી યુગલની વૈવાહિક સ્થિતિ, આમાંથી કોઈ પણ બાબત લાગુ પડશે નહીં

। એજન્સી, નવી દિલ્હી, તા.૬ ।

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણયમાં સ્પષ્ટ કર્યું છે કે પોક્સો અધિનિયમ હેઠળ, ૧૮ વર્ષથી ઓછી ઉંમરની છોકરી સાથે લગ્ન પછી પણ સંબંધ બાંધવો એ કાયદેસર રીતે દુષ્કર્મ ગણાશે. કોર્ટના મતે, આમાં ધાર્મિક કે વ્યક્તિગત કાયદાકીય માન્યતાની સ્થિતિ, સંમતિ, કે પછી યુગલની વૈવાહિક સ્થિતિ, આમાંથી કોઈ પણ બાબત લાગુ પ ડશે નહીં.પંજાબના હોશિયારપુરની એક ૧૭ વર્ષીય મુસ્લિમ યુવતી અને તેના પતિએ, પરિવારની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરીને માતા-પિતા તરફથી હિંસાના ડરને કારણે કોર્ટમાં સુરક્ષા માંગી હતી. જોકે, યુગલે દલીલ કરેલી હતી કે મુસ્લિમ પર્સનલ લૉ હેઠળ ૧૫ વર્ષની ઉંમરે યુવાની પ્રાપ્ત થતાં લગ્નનો અધિકાર મળે છે, તેને ન્યાયમૂર્તિ સુભાષ મહેતાએ ફગાવી દીધી હતી.




તેમણે સ્પષ્ટ કર્યું કે, 'વિપરીત વૈધાનિક કાયદા(Statutory Law)ની સામે, વ્યક્તિગત કાયદો (Personal Law) પ્રભાવી થઈ શકે નહીં.'

આ મામલે ન્યાયાધીશે સ્પષ્ટ કર્યું કે, આ વિશેષ કાયદાઓ ધર્મનિરપેક્ષ અને કલ્યાણ-કેન્દ્રિત હોવાથી વ્યક્તિગત કાયદાઓનું અતિલંઘન કરે છે. તેમનો કાયદાકીય ઈરાદો સ્પષ્ટ છે કે બાળકોની સુરક્ષામાં સરકારનો બાધ્યકારી રસ રહેલો છે, તેથી બાળ લગ્ન અને સગીરો સાથેના યૌન કૃત્યોને અપરાધ ગણવા, ભલે તે લગ્નની આડમાં થયા હોય. આ ચર્ચાના આધારે, કોર્ટે કહ્યું કે તે એવા યુગલને સુરક્ષા આપવાના પક્ષમાં નથી, જ્યાં પતિ-પત્નીમાંથી કોઈ એક સગીર હોય, કારણ કે આવું કરવાથી લાભકારી કાયદાઓનો મૂળ ઉદ્દેશ્ય જ નિષ્ફળ થઈ જશે.

સરકારે આ અરજીનો વિરોધ કરતાં કહ્યું કે છોકરી ૧૮ વર્ષથી ઓછી છે, જેનાથી આ લગ્ન બાળ લગ્ન નિષેધ અધિનિયમ, ૨૦૦૬ હેઠળ રદ કરવા યોગ્ય છે. સરકારે એ પણ કહ્યું કે, એકવાર સગીરનો દરજ્જો સ્થાપિત થઈ જાય, પછી અદાલતે 'પેરેન્ટ્સ પેટ્રિયાએ' (નાબાલિગના વાલી) તરીકે કાર્ય કરતાં બાળકના શ્રેષ્ઠ હિતનું નિર્ધારણ કરવું પડશે.તમામ પક્ષોને સાંભળ્યા પછી બેન્ચે હોશિયારપુરના એસએસપીને સગીરાને બાળ કલ્યાણ સમિતિ (CWC) સામે રજૂ કરવાનો નિર્દેશ આપ્યો. કોર્ટે નિર્દેશ આપ્યો કે CWC એ કિશોર ન્યાય અધિનિયમ, ૨૦૧૫ની કલમ ૩૬ હેઠળ તપાસ કરવી જોઈએ અને સગીર યુવતીની સુરક્ષા અને કલ્યાણ સુનિશ્ચિત કરવું જોઈએ.

## ફ્લાઈટ્સની અવર-જવરને અસર

# દિલ્હીમાં ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એટીસી સિસ્ટમ બગડી

। એજન્સી, નવી દિલ્હી, તા.૭ ।

શુક્રવારે સવારે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાતા ૧૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી. આ મોટા વિલંબને કારણે દિલ્હી એરપોર્ટે એડવાઈઝરી જાહેર કરીને જણાવ્યું કે, 'ATC સિસ્ટમમાં સમસ્યાના કારણે ફ્લાઈટ સંચાલનમાં વિલંબ થઈ રહ્યો છે. ખામી વહેલી તકે દૂર કરવા ક્ષૈંછ- સહિત તમામ હિતધારકો સક્રિય છે. મુસાફરોને વધુ માહિતી માટે સંબંધિત એરલાઈન્સના સંપર્કમાં રહેવા વિનંતી કરાઈ હતી અને અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરવામાં આવી હતી.'PTI™ા સૂત્રો અનુસાર, ઓટોમેટિક મેસેજ સ્વિચિંગ સિસ્ટમ (AMSS)માં ખામી હતી, જે ફ્લાઈટ પ્લાન આપતી ઓટો ટ્રેક સિસ્ટમ (AMS) માટે માહિતી પૂરી પાડે છે. વિલંબના અહેવાલ બાદ સ્પાઈસજેટએ એડવાઈઝરી જાહેર કરી કે દિલ્હીમાં છ્ઝની ભીડને કારણે તમામ આવક-જાવક (Arrivals/ Departures) અને તેના પછીની ફ્લાઈટ્સ પર અસર થઈ શકે છે. મુસાફરોને વિનંતી કરવામાં આવી કે તેઓ તેમની ફ્લાઈટની સ્થિતિ તપાસતા રહે.એર ઈન્ડિયાએ પણ વિલંબની પુષ્ટિ કરતા કહ્યું કે, 'દિલ્હીમાં છ્ઝ સિસ્ટમમાં ટેકનિકલ સમસ્યા તમામ એરલાઈન્સમાં ફ્લાઈટ સંચાલનને અસર કરી રહી છે, જેના કારણે એરપોર્ટ પર અને વિમાનમાં લાંબા સમય સુધી રાહ જોવી પડી રહી છે અને વિલંબ થઈ રહ્યો છે.'સ્પાઈસજેટ એરલાઈને પણ આ સંબંધમાં જાણકારી આપી છે. તેમણે જણાવ્યું કે, 'દિલ્હીમાં છ્ઝ (એર ટ્રાફિક કંટ્રોલ)ની ભીડના કારણે તમામ આગમન, પ્રસ્થાન અને તેના પરિણામે થનારી અન્ય ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ શકે છે. સ્પાઈસજેટે પણ મુસાફરોને વિનંતી કરી છે કે તેઓ તેમની ફ્લાઈટનું સ્ટેટસ (સ્થિતિ) તપાસતા રહે.'શુક્રવારે સવારે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલ (ATC) સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાતા ૧૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી. આ મોટા વિલંબને કારણે દિલ્હી એરપોર્ટે એડવાઈઝરી જાહેર કરીને જણાવ્યું કે, 'ATC સિસ્ટમમાં સમસ્યાના કારણે ફ્લાઈટ સંચાલનમાં વિલંબ થઈ રહ્યો છે.

## ન્યૂઝ બ્રિફ




### ૩૨ વર્ષના ટ્રાવેલ ઈન્ફ્લુએન્સર અનુનય સૂદનું અમેરિકામાં રહસ્યમય મોત

। એજન્સી, નવી દિલ્હી, તા.૭ ।

નોઈડાના ટ્રાવેલ ઈન્ફ્લુએન્સર અનુનય સૂદનું અમેરિકામાં રહસ્યમય રીતે મોત થયું હતું. ૩૨ વર્ષના અનુનયના પરિવારે ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં આ ટ્રાવેલ બ્લોગરના મોતની જાણકારી આપતા કહ્યું હતું કે તમારા પ્રિય સોશિયલ મીડિયા સ્ટારનું મોત થયું છે. પરિવારે તેના મોત અંગે ગુપ્તતા જાળવી રાખવાની વિનંતી પણ કરી હતી. છેલ્લાં ત્રણ વર્ષથી અનુનય ફોર્બ્સના ૧૦૦ સ્ટાર્સમાં સામેલ થતો હતો.અનુનય સૂદ નોઈડાનો ટ્રાવેલ બ્લોગર હતો. તેણે સોશિયલ મીડિયાના માધ્યમથી ટ્રાવેલ બ્લોગ શેર કરવાનું શરૂ કર્યું હતું. ઈન્સ્ટાગ્રામમાં તેના ૧૪ લાખથી વધુ ફોલોઅર્સ હતા. તો યુટયૂબમાં પણ ૩.૮ લાખ સબક્રાઈબર્સ હતા.

બંનેમાં તે પોતાના પ્રવાસના ફોટો અને વીડિયો શેર કરતો હતો. તેની પ્રવાસની કહાની કહેવાની રીત પોપ્યુલર થઈ હતી. એક અંદાજ પ્રમાણે ઈન્સ્ટાગ્રામમાં બ્રાન્ડ ડીલના ભાગરૂપે તે ૩૮૦૦થી ૫૨૦૦ ડોલરની માસિક કમાણી કરતો હતો. યુટયૂબમાંથી મહિને ૪૦૦થી ૯૦૦૦ ડોલરની આવક થતી હતી. તેની સંપત્તિ આઠથી ૧૦ કરોડ હોવાની શક્યતા છે.અનુનય એન્જિનિયર હતો. નોઈડામાં શરૂઆતમાં કોર્પોરેટ નોકરી કરતો હતો, પછી ફરવાનો શોખ હતો એટલે ટ્રાવેલ બ્લોગર બની ગયો. તે ભારતના સૌથી સફળ સોશિયલ મીડિયા ટ્રાવેલ ઈન્ફ્લુએન્સરમાં એક હતો. તેની લક્ઝરી લાઈફસ્ટાઈલ ઈન્સ્ટાગ્રામમાં ચર્ચાનું કેન્દ્ર બનતી હતી. તેણે ૪૬ દેશોનો પ્રવાસ કર્યો હતો અને ૧૯૫ દેશોનો પ્રવાસ કરવાનું ટાર્ગેટ સેટ કર્યું હતું.

### અમને 30 દિવસ આપો, નહીં તો અમને ફાયર ચલાવવાનું ખબર પડશે : વિજય બૈંસલા

। એજન્સી, દૌસા, તા.૭ ।

દૌસા જિલ્લાના પંચોલી ગામમાં ગુર્જર અનામત સંઘર્ષ સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. સમિતિના અધ્યક્ષ વિજય બૈંસલા બેઠકમાં હાજર રહ્યા હતા. તેમણે સ્વર્ગસ્થ કર્નલ કિરોરી સિંહ બૈંસલાના ચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરીને અને તેમના આદર્શોને શ્રદ્ધાંજલિ આપીને સભાની શરૂઆત કરી. પંચોલી ગામમાં યોજાયેલી આ બેઠકમાં સમુદાયના પંચો અને પટેલો, બહારથી આવેલા પ્રતિનિધિઓ સાથે, ભાગ લીધો અને સમુદાયની માંગણીઓ પર પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.આશરે ત્રણથી ચાર કલાક ચાલેલી આ બેઠકમાં સમુદાયના ઉત્થાન, શિક્ષણ, રોજગાર અને અનામત સંબંધિત મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા થઈ. વિજય બૈંસલાએ જણાવ્યું હતું કે જૂનમાં ભરતપુરમાં એક મહાપંચાયત યોજાઈ હતી, અને તે બેઠક દરમિયાન થયેલા કરારનો હજુ સુધી અમલ થયો નથી. દેવનારાયણ યોજના હેઠળ સંચાલિત છાત્રાલયોની સ્થિતિ સંતોષકારક નથી. સમુદાયના વિદ્યાર્થીઓને વધુ સારી સુવિધાઓ અને પારદર્શક વ્યવસ્થાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે સમુદાયની સાત મુખ્ય માંગણીઓ ઘણા વર્ષોથી પડતર છે.

## રાજસ્થાનમાં ચાલતી ટ્રેનમાં ગુજરાતના સૈન્ય જવાનની હત્યા, કોચ અટેન્ડન્ટે ચપ્પાના અનેક ઘા માર્યા

। એજન્સી, બિકાનેર, તા.૭ ।

રાજસ્થાનના બિકાનેર પહોંચેલી સાબરમતી એક્સપ્રેસના સ્લીપર કોચમાં સેનાના જવાનની હત્યા કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, જવાનનો કોચ એટેન્ડન્ટ સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ એક કોચ એટેન્ડન્ટે તેના પર છરી વડે હુમલો કર્યો હતો. જવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો અને તેનું મૃત્યુ થયું હતું.અહેવાલો અનુસાર, ગુજરાતના રહેવાસી જવાન જીગર કુમાર સાબરમતી એક્સપ્રેસમાં ફિરોઝાબાદથી બિકાનેર જઈ રહ્યા હતા. કોચમાં વિવાદ દરમિયાન કોચ એટેન્ડન્ટે જવાન પર છરી વડે હુમલો કર્યો.

# નિસાર સેટેલાઇટ ત્રણ મહિના બાદ સંશોધન શરૂ કરશે

। એજન્સી, નવી દિલ્હી, તા.૭ ।

નિસાર સેટેલાઈટ આવતીકાલ શુક્રવાર, ૨૦૨૫ની ૭, નવેમ્બરે તેનું સંશોધનકાર્ય શરૂ કરશે. નિસાર સેટેલાઈટમાંનાં તમામ વૈજ્ઞાનિક ઉપકરણો તેની કામગીરી કરવા સંપૂર્ણપણે સક્ષમ છે તે વિશેની બધી ટેકનિકલ માહિતી મળી ગઈ છે. આ જ માહિતીના આધારે અમે નિસાર સેટેલાઈટને આવતીકાલે ઓપરેશનલ જાહેર કરીશું. દરમિયાનમાં નાસાના વૈજ્ઞાનિકોની ટીમ બેંગલુરુ પહોંચી ગઈ છે. નાસા -ઈસરો સિન્થેટિક એપેર્ચર રડાર(નિસાર) સેટેલાઈટ અમેરિકાની અંતરિક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા) અને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો)નો પહેલો સંયુક્ત પ્રયોગ છે.

નિસાર ૨૦૨૫ની ૩૦, જુલાઈએ ઈસરોના સતીષ ધવન સ્પેસ સેન્ટર પરથી અંતરિક્ષમાં તરતો મૂકાયો છે. ઈસરોના ચેરમેન વી.નારાયણને આજે નવી દિલ્હીમાં યોજાયેલા એમર્જિંગ સાયન્સ, ટેકનોલોજી એન્ડ ઈન્નોવેશન કોન્ક્લેવમાં આ માહિતી આપી છે. વી.નારાયણને એવી માહિતી પણ આપી છે કે ૨,૪૦૦ કિલોના ભારેભરખમ વજનનો નિસાર સેટેલાઈટ વિશ્વનો અત્યારસુધીનો સૌથી મોંઘો એટલે કે ૧૩ અબજ અમેરિકન ડોલરના ખર્ચે બનેલો છે.નિસાર સેટેલાઈટ આમ તો અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છે. સાથોસાથ એસ બેન્ડ રડાર અને એલ બેન્ડ રડાર એમ બે રડાર ધરાવતો વિશ્વનો પ્રથમ સેટેલાઈટ પણ છે.

## સંબંધો તણાવપૂર્ણ રાખવાની નથી | રાજનાથ સિંહે એવું પણ ઉમેર્યુ કે ભારત બાંગ્લાદેશ સાથે કોઈપણ પ્રકારનો ટકરાવ કરવા માંગતું નથી

# તમામ પડકારોનો જવાબ આપવામાં સક્ષમ । પરંતુ રાજનાથ સિંહની બાંગ્લાદેશને ચેતવણી

। એજન્સી, કોલકતા, તા.૬ ।

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ દ્વારા બાંગ્લાદેશના વચગાળાના વડાપ્રધાન મોહમ્મદ યુનુસને સ્પષ્ટપણે ચેતવણી આપ વામાં આવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભારત કોઈપણ પડકારનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે. જોકે, ભારતની ઈચ્છા બાંગ્લાદેશ સાથેના સંબંધો તણાવપ ૂર્ણ રાખવાની નથી. આથી, તેમણે મોહમ્મદ યુનુસને વિચારીને નિવેદનો આપવાની સલાહ આપી છે. રાજનાથ સિંહે એવું પણ ઉમેર્યુ કે ભારત બાંગ્લાદેશ સાથે કોઈપણ પ્રકારનો ટકરાવ કરવા માંગતું નથી.સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે ભારતમાં દરેક પ્રકારના પડકારનો સામનો કરવાની ક્ષમતા છે, જોકે, ભારત પડોશીઓ સાથે તણાવપૂર્ણ સંબંધો જાળવવા માંગતું નથી. નોંધનીય છે કે, બાંગ્લાદેશમાં હસીના સરકારના તખ્તાપલટ પ છી ભારત અને પાકિસ્તાન વચ્ચે પણ તણાવ ઊભો થયો હતો.શેખ હસીનાએ દેશ છોડ્યા બાદ, નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસે બાંગ્લાદેશના વચગાળાના વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો. સત્તા પર આવ્યા પછી, તેઓ સતત ભારત વિરોધી નિવેદનો આપી રહ્યા છે. તાજેતરમાં, તેમણે એક વધુ ઉશ્કેરણીજનક પગલું ભર્યું, જેમાં મોહમ્મદ યુનુસે પાકિસ્તાનના એક અધિકારીને એક વિવાદાસ્પદ આર્ટવર્ક ભેટમાં આપી.મોહમ્મદ યુનુસે પાકિસ્તાની જનરલ સાહિર શમશાદ મિર્ઝાને એવી ભેટ આપી, જેમાં ભારતના



ઉત્તર-પૂર્વીય રાજ્યોને બાંગ્લાદેશનો ભાગ દર્શાવવામાં આવ્યો છે. માહિતી અનુસાર, આ 'ગ્રેટર બાંગ્લાદેશ' યોજનાનો એક ભાગ છે. મોહમ્મદ યુનુસ દ્વારા આપવામાં આવેલી આ કલાકૃતિનું નામ 'આર્ટ ઓફ ટ્રાયમ્ફ' છે. કહેવાય છે કે તેમાં એક એવો નકશો દર્શાવવામાં આવ્યો છે જેમાં ભારતના ઉત્તર-પૂર્વીય ભાગને બાંગ્લાદેશની સરહદની અંદર બતાવવામાં આવ્યો છે.સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ દ્વારા બાંગ્લાદેશના વચગાળાના વડાપ્રધાન મોહમ્મદ યુનુસને સ્પષ્ટપણે ચેતવણી આપવામાં આવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભારત કોઈપણ પડકારનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે. જોકે, ભારતની ઈચ્છા બાંગ્લાદેશ સાથેના સંબંધો તણાવપૂર્ણ રાખવાની નથી. આથી, તેમણે મોહમ્મદ યુનુસને વિચારીને નિવેદનો આપવાની સલાહ આપી છે. રાજનાથ સિંહે એવું પણ ઉમેર્યુ કે ભારત બાંગ્લાદેશ સાથે કોઈપણ પ્રકારનો ટકરાવ કરવા માંગતું નથી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે ભારતમાં દરેક પ્રકારના પડકારનો સામનો કરવાની ક્ષમતા છે.

# ફિલિપાઇન્સમાં વાવાઝોડા કાલમેગીએ ભારે તબાહી મચાવી । ૨૪૧ લોકોના મોત



સેબુના : શક્તિશાળી વાવાઝોડા કાલમેગીએ ફિલિપાઇન્સમાં ભારે તબાહી મચાવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૨૪૧ લોકો મૃત્યુ પામ્યા છે અને ઘણા ગુમ છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ આર. માર્કોસ જુનિયરે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. અધિકારીઓનું કહેવું છે કે વાવાઝોડાને કારણે હજુ પણ ઘણા લોકો મદદ સુધી પહોંચી શકતા નથી. રેડ ક્રોસને મદદ માટે વિનંતી કરતા સેંકડો કોલ મળ્યા છે.ફિલિપાઇન્સની સેનાએ જણાવ્યું હતું કે મૃતકોમાં છ લોકોનો સમાવેશ થાય છે જેઓ કાલમેગીથી પ્રભાવિત પ્રાંતોમાં માનવતાવાદી સહાય પહોંચાડી રહેલા વાયુસેનાના હેલિકોપ્ટરમાં હતા. મંગળવારે દક્ષિણ અગુસાન ડેલ સુર પ્રાંતમાં હેલિકોપ્ટર ક્રેશ થયું હતું.હવામાન નિષ્ણાતોના મતે, વાવાઝોડું કાલમેગી દક્ષિણ ચીન સમુદ્ર તરફ આગળ વધ્યું છે, જેમાં ૧૩૦ થી ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. નાગરિક સંરક્ષણ કાર્યાલયના ડેપ્યુટી એડમિનિસ્ટ્રેટર અને પ્રાંતીય અધિકારીઓએ જણાવ્યું હતું કે મોટાભાગના મૃત્યુ મધ્ય પ્રાંત સેબુમાં થયા છે, જ્યાં વાવાઝોડાને કારણે અચાનક પૂર આવ્યું હતું અને નદીઓ છલકાઈ ગઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પૂરના કારણે રહેણાંક વિસ્તારો ડૂબી ગયા હતા, જેના કારણે ગભરાયેલા રહેવાસીઓને છત પર આશ્રય લેવાની ફરજ પડી હતી.

## શ્રદ્ધા કપૂર મહારાષ્ટ્રનાં લાવણી નૃત્યાંગના વિઠાબાઈની બાયોપિકમાં



। એજન્સી, મુંબઇ, તા.૭ ।

શ્રદ્ધા કપૂર દિગ્દર્શક લક્ષ્મણ ઉત્તેકર સાથે મહારાષ્ટ્રની લાવણી નૃત્યાંગના વિઠાબાઈ નારાયણ ગાંવકરની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મનું શૂટિંગ પણ શરૂ થઈ ગયું છે. ફિલ્મનું ટાઈટલ 'ઈથા' હોવાનું જણાવાયું છે. વિઠાબાઈ નારાયણગાંવકરે જે જમાનામાં મહિલાઓ માટે જાહેર પરફોર્મન્સ બહુ મુશ્કેલ ગણાતું હતું તે સમયે પોતાનાં નૃત્યથી સૌને પ્રભાવિત કર્યાં હતાં. તેમને તમાશા સામ્રાજ્ઞી અને તમાશાની મહારાણી નું બિરુદ પણ મળ્યું હતું. ફિલ્મમાં તેમનાં સંઘર્ષ અને સફળતાની વાતને વણી લેવામાં આવશે. શ્રદ્ધા કોઈ બાયોપિક કરી રહી હોય તેવું પહેલીવાર બની રહ્યું છે. જોકે, ફિલ્મની રીલિઝ ડેટ વિશે હજુ સુધી કોઈ માહિતી બહાર આવી નથી. શ્રદ્ધા કપૂર દિગ્દર્શક લક્ષ્મણ ઉત્તેકર સાથે મહારાષ્ટ્રની લાવણી નૃત્યાંગના વિઠાબાઈ નારાયણ ગાંવકરની ભૂમિકામાં જોવા મળશે.આ ફિલ્મનું શૂટિંગ પણ શરૂ થઈ ગયું છે. ફિલ્મનું ટાઈટલ 'ઈથા' હોવાનું જણાવાયું છે. વિઠાબાઈ નારાયણગાંવકરે જે જમાનામાં મહિલાઓ માટે જાહેર પરફોર્મન્સ બહુ મુશ્કેલ ગણાતું હતું તે સમયે પોતાનાં નૃત્યથી સૌને પ્રભાવિત કર્યાં હતાં. તેમને તમાશા સામ્રાજ્ઞી અને તમાશાની મહારાણી નું બિરુદ પણ મળ્યું હતું.

અમેરિકામાં સરકારી શટડાઉન બીજા મહિનામાં પ્રવેશી ગયું છે

# અમેરિકામાં શટડાઉનની માઠી અસર : ન્યૂયોર્ક, લોસ એન્જેલસ સહિત ૪૦ એરપોર્ટ પર સંચાલન ઠપ થશે

**નિષ્ણાતોનું અનુમાન છે કે, હજારો ફ્લાઇટ રદ થઈ શકે છે. એવિએશન વિશ્લેષણ કંપનીનો અંદાજ છે કે, આ ઘટાડાથી કુલ ૧,૮૦૦ ફ્લાઇટ્સ અને ૨,૬૮,૦૦૦થી વધુ બેઠકો હોઈ શકે**

। એજન્સી, વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકામાં સરકારી શટડાઉન બીજા મહિનામાં પ્રવેશી ગયું છે, જેના કારણે એર ટ્રાફિક કંટ્રોલર્સની અછતને કારણે એરપોર્ટ પર ફ્લાઈટ્સમાં વિલંબ હજુ શરૂ છે. શટડાઉનના કારણે શુક્રવારથી ન્યૂ યોર્ક, લૉસ એન્જેલસ અને શિકાગો સહિત લગભગ ૪૦ અમેરિકન એરપોર્ટ પર ફ્લાઈટ્સ બંધ થઈ જશે.એસોસિએટેડ પ્રેસના અહેવાલ મુજબ, ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન એ જણાવ્યું હતું કે, મુસાફરોની સલામતી જાળવવા માટે તે ૪૦ મુખ્ય એરપોર્ટ પરથી ફ્લાઈટ્સ ઘટાડવામાં આવશે. FAA એ એર ટ્રાફિક કંટ્રોલર્સ પર દબાણ ઓછું કરવા માટે ફ્લાઈટ ઘટાડાનો અમલ કર્યો, જેઓ સરકારી શટડાઉન દરમિયાન પગાર વિના કામ કરી રહ્યા હતા અને ઝડપથી કામ બંધ કરી રહ્યા હતા.

નિયંત્રકોને પહેલાંથી જ એક મહિનાનું વેતન નથી મળી શક્યું અને વધતા નાણાંકીય દબાણ વચ્ચે શટડાઉનના કારણે આવનારા અઠવાડિયામાં પણ કંઈ નહીં મળે. એરપોર્ટ અથવા અન્ય સુવિધાઓ પર નિયંત્રકોની અછતને કારણે FAA પહેલાથી જ ઘણી વખત ફ્લાઈટ્સ મોડી પાડી ચૂક્યું છે.



ન્યૂયોર્ક, લોસ એન્જેલસ અને શિકાગો એરપોર્ટની સાથોસાથ અમેરિકાભરના કેન્દ્ર અને ૪૦ એરપોર્ટનો સમાવેશ થાય છે, જ્યાં સરકારી શટડાઉનના કારણે શુક્રવારે ફ્લાઈટમાં ઘટાડો થવાનો છે.

નિષ્ણાતોનું અનુમાન છે કે, હજારો ફ્લાઈટ રદ થઈ શકે છે. એવિએશન વિશ્લેષણ કંપનીનો અંદાજ છે કે, આ ઘટાડાથી કુલ ૧,૮૦૦ ફ્લાઈટ્સ અને ૨,૬૮,૦૦૦થી વધુ બેઠકો હોઈ શકે છે. અમેરિકામાં સરકારી શટડાઉન બીજા મહિનામાં પ્રવેશી ગયું છે, જેના કારણે એર ટ્રાફિક કંટ્રોલર્સની અછતને કારણે એરપોર્ટ પર ફ્લાઈટ્સમાં વિલંબ હજુ શરૂ છે. શટડાઉનના કારણે શુક્રવારથી ન્યૂ યોર્ક, લૉસ એન્જેલસ અને શિકાગો સહિત લગભગ ૪૦ અમેરિકન એરપોર્ટ પર ફ્લાઈટ્સ બંધ થઈ જશે.

એસોસિએટેડ પ્રેસના અહેવાલ મુજબ, ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન એ જણાવ્યું હતું કે, મુસાફરોની સલામતી જાળવવા માટે તે ૪૦ મુખ્ય એરપોર્ટ પરથી ફ્લાઈટ્સ ઘટાડવામાં આવશે. FAA એ એર ટ્રાફિક કંટ્રોલર્સ પર દબાણ ઓછું કરવા માટે ફ્લાઈટ ઘટાડાનો અમલ કર્યો, જેઓ સરકારી શટડાઉન દરમિયાન પગાર વિના કામ કરી રહ્યા હતા અને ઝડપથી કામ બંધ કરી રહ્યા હતા.

**મમદાની મેયર પદે ચૂંટાઈ આવતા ટ્રમ્પે જાહેરમાં બળાપો કાઢ્યો**

## મમદાનીનો વિજય ન્યૂયોર્ક માટે આર્થિક-સામાજિક હોનારત : ટ્રમ્પ

**અમેરિકા ક્યુબા અને વેનેઝુએલા જેવો સામ્યવાદી દેશ બની જશે તેવી ચેતવણી ટ્રમ્પે બિઝનેસ ફોરમને આપી**

। એજન્સી, વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકાના સૌથી મોટા શહેર ન્યૂયોર્કના મેયર તરીકે ઝોહરાન મમદાનીએ વિજય મેળવતા અમેરિકન પ્રમુખ ટ્રમ્પે રીતસરનો બળાપો કાઢ્યો છે. ટ્રમ્પનો ધૂંધવાટ એટલો બધો હતો કે તે મમદાનીનું નામ બોલવા પણ માંગતો ન હતો. તેણે આક્રોશભર્યા સ્વરે જણાવ્યું હતું કે અમેરિકનોએ કોમન સેન્સ એ કમ્યુનિઝમ બંનેમાંથી એકની પસંદગી કરવાનો સમય આવી ગયો છે.અમેરિકનોએ કોમનસેન્સ અને કમ્યુનિઝમ બંનેમાંથી એકની પસંદગી કરવાનો સમય આવી ગયો છે.અમેરિકાની ધરતી પર કમ્યુનિઝમને હું કોઈપણ રીતે ફેલાવવા નહીં દઉં. જો કે ટ્રમ્પના આકાશપાતાળ એક કરવા છતાં ૩૪ વર્ષના મમદાની શહેરના સૌથી યુવા અને સૌપ્રથમ મુસ્લિમ મેયર બનશે. મમદાનીના વિજયને ટ્રમ્પે અમેરિકામાં સામ્યવાદીઓનો પહેલો વિજય ગણાવ્યો છે.ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકામાં મમદાનીના સ્વરુપમાં સામ્યવાદ પગપેસારો કરી રહ્યો છે.ટ્રમ્પે ચેતવણી પણ આપી છે કે મમદાનીએ વિજય મેળવતા અને તેના કમ્યુનિસ્ટ એજન્ડાને અમલમાં મૂકતા કેટલાય ન્યૂયોર્કવાસીઓ ત્યાંથી વિદાય લેશે અને ફ્લોરિડા ભાગી જશે. ટ્રમ્પે મમદાનીના વિજયને ન્યૂયોર્ક શહેર માટે આર્થિક અને સામાજિક હોનારત ગણાવી છે. તેના વિજય પછી ન્યૂયોર્ક ક્યુબા કે વેનેઝુએલામાં પરિવર્તીત થઈ જશે. અમેરિકન બિઝનેસ ફોરમમાં બોલતા ટ્રમ્પે જણાવ્યું હતું કે પાંચ નવેમ્બરે ૨૦૨૪ના રોજ અમેરિકનોએ અમારી સરકાર પસંદ કરે. અમે અમેરિકાને વધુ આઝાદ બનાવ્યું, વધુ લોકશાહીપૂર્ણ બનાવ્યું, મમદાનીને વિજય સાથે આપણે કેટલુંક સંપ્રભુત્વ ગુમાવી દીધું છે, પરંતુ અમે આ વાતનું ધ્યાન રાખીશું. ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું હતું કે ન્યૂયોર્ક માટે વિપક્ષની યોજના તેની આખા અમેરિકામાં લાગુ પાડનારી યોજના ગણાવી છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાને આગામી દિવસોમાં કમ્યુનિસ્ટ દેશ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છે. મેં ઘણા પહેલાં જ ચેતવણી આપી હતી કે આપણા વિરોધીઓ દેશને ક્યુબા અને વેનેઝુએલા જેવો કમ્યુનિસ્ટ દેશ બનાવવા માંગે છે, જે હું મારા શાસનમાં થવા નહીં દઉં. ન્યૂયોર્કમાં જે થયું તે આ દિશામાં લેવાયેલું પહેલું પગલું છે.

## આલિયા અને શર્વરીની આલ્ફા ફિલ્મની રીલિઝ ચાર મહિના ઠેલાઈ




। એજન્સી, મુંબઇ, તા.૭ ।

આલિયા ભટ્ટ અને શર્વરી વાઘની ફિલ્મ 'આલ્ફા' ચાર મહિના પાછી ઠેલાઈ છે. આ વર્ષે નાતાલ વખતે રીલિઝ થનારી ફિલ્મ હવે આવતાં વર્ષે ૧૭મી એપ્રિલે રીલીઝ થશે. ફિલ્મ નિર્માતા યશરાજ ફિલ્મસ દ્વારા સત્તાવાર રીતે એવું કારણ અપાયું છે કે વીએફએક્સનું કામ હજુ ઘણું બાકી હોવાથી શિડયૂલ બદલાયું છે. પરંતુ, ફિલ્મી વર્તુળોમાં ચર્ચા અનુસાર યશરાજની ફિલ્મ 'વોર ટુ'નાં ટિકિટબારી પર ચીથરાં ઉડી ગયાં હતાં. 'આલ્ફા' પણ સ્પાય યુનિવર્સની વાર્તા હોવાથી તેના પણ એવા ખરાબ હાલ ન થાય તે માટે ફિલ્મમાં છેલ્લી ઘડીએ કેટલાય ફેરફારો કરવામાં આવ્યા છે. તેના કારણે ફિલ્મનું કામ વિલંબમાં પડયું છે. ફિલ્મમાં હૃતિક રોશનનો તેનાં 'વોર'નાં પાત્રનો કેમિયો હતો પરંતુ હવે તેને બદલે શાહરુખના 'પઠાણ'નાં પાત્રનો કેમિયો નક્કી કરાયો હોવાની ચર્ચા પણ એક તબક્કે ચાલી હતી. આલિયા ભટ્ટ અને શર્વરી વાઘની ફિલ્મ 'આલ્ફા' ચાર મહિના પાછી ઠેલાઈ છે. આ વર્ષે નાતાલ વખતે રીલિઝ થનારી ફિલ્મ હવે આવતાં વર્ષે ૧૭મી એપ્રિલે રીલીઝ થશે. ફિલ્મ નિર્માતા યશરાજ ફિલ્મસ દ્વારા સત્તાવાર રીતે એવું કારણ અપાયું છે કે વીએફએક્સનું કામ હજુ ઘણું બાકી હોવાથી શિડયૂલ બદલાયું છે. પરંતુ, ફિલ્મી વર્તુળોમાં ચર્ચા અનુસાર યશરાજની ફિલ્મ 'વોર ટુ'નાં ટિકિટબારી પર ચીથરાં ઉડી ગયાં હતાં. 'આલ્ફા' પણ સ્પાય યુનિવર્સની વાર્તા હોવાથી તેના પણ એવા ખરાબ હાલ ન થાય તે માટે ફિલ્મમાં છેલ્લી ઘડીએ કેટલાય ફેરફારો કરવામાં આવ્યા છે.

## હિમાલયની ગોદમાં આવેલા નેપાળના અન્નપૂર્ણા સર્કિટમાં એક ભારતીય ટ્રેકરનું દુઃખદ અવસાન

। એજન્સી, કાઠમંડુ, તા.૭ ।

હિમાલયની ગોદમાં આવેલા નેપાળના અન્નપૂર્ણા સર્કિટમાં એક ભારતીય ટ્રેકરનું દુઃખદ અવસાન થયું છે. આ અકસ્માત મંગળવારે સવારે ૪,૨૦૦ મીટરની ભયંકર ઊંચાઈએ થોરાંગ પાસ નજીક થયો હતો. ૫૪ વર્ષીય ભારતીય નાગરિક પિન્ટુ મુખર્જીનું અચાનક ઊંચાઈની બીમારીથી અવસાન થયું. આ ઘટના ટ્રેકિંગના શોખીનો માટે એક મોટો આંચકો છે.આ ઘટના એવા લોકો માટે પણ એક મહત્વપૂર્ણ પાઠ છે જેઓ અન્નપૂર્ણા પર્વતો પર વિજય મેળવવાનો પ્રયાસ કરતા પોતાનો જીવ જોખમમાં મૂકે છે. કોલકાતાના સોફ્ટવેર એન્જિનિયર પિન્ટુએ તેની પત્ની અને મિત્રો સાથે આ સ્વપ્ન યાત્રા શરૂ કરી હતી, પરંતુ કુદરતના ક્રૂર ચહેરાએ તેમના સપનાઓને ચકનાચૂર કરી દીધા હતા. આ ઘટના મંગળવારે વહેલી સવારે બની હતી જ્યારે પિન્ટુ અને તેની ચાર સભ્યોની ટીમ થોરાંગ પાસ તરફ જઈ રહી હતી. લગભગ પાંચ કલાકની મુશ્કેલ ચઢાણ પછી, તેને અચાનક છાતીમાં તીવ્ર દુખાવો થયો.ટીમના સભ્યોએ તાત્કાલિક મદદ માંગી, પરંતુ ઊંચાઈ પર ઓક્સિજનના અભાવે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ. "તે હોટલમાં પાછો ફર્યો હતો, પરંતુ જ્યારે તેની હાલત વધુ ખરાબ થઈ, ત્યારે એક કુલી તેને સ્ટ્રેચર પર નજીકના આરોગ્ય કેન્દ્ર લઈ ગયો. રસ્તામાં જ તેનું મૃત્યુ થયું,"

## યુએન સિક્યોરિટી કાઉન્સિલે સીરિયાના પ્રમુખ સામેના પ્રતિબંધ હટાવ્યાં, જલદી જ ટ્રમ્પ સાથે થશે મુલાકાત

। એજન્સી, વોશિંગ્ટન, તા.૭ ।

યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા પ્રસ્તાવિત એક મહત્ત્વના ઠરાવ પર મતદાન કરીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે સીરિયાના નવા પ્રમુખ અહેમદ અલ-શારા પરના પ્રતિબંધો હટાવી લીધા છે. આ નિર્ણય સોમવારે (૧૦મી નવેમ્બર) વ્હાઈટ હાઉસ ખાતે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે અલ-શારાની મુલાકાત યોજાય તે પહેલાં લેવામાં આવ્યો છે.અમેરિકા દ્વારા તૈયાર કરાયેલા આ ઠરાવમાં સીરિયાના પ્રમુખ અલ-શારા તેમજ સીરિયાના ગૃહમંત્રી અનસ ખત્તાબ પરના પ્રતિબંધો હટાવવામાં આવ્યા હતા. ૧૫ સભ્યોની સુરક્ષા પરિષદમાં ૧૪ સભ્યોએ ઠરાવની તરફેણમાં મતદાન કર્યું હતું. માત્ર ચીન આ મતદાન દરમિયાન ગેરહાજર રહ્યું હતું.વોશિંગ્ટન મહિનાઓથી સીરિયા પરના પ્રતિબંધો હળવા કરવા માટે અપીલ કરી રહ્યું હતું. ટ્રમ્પે મે મહિનામાં જ અમેરિકાની નીતિમાં મોટા પરિવર્તનની જાહેરાત કરી હતી, જેમાં તેમણે સીરિયા પરના પ્રતિબંધો હટાવવાની વાત કરી હતી.મતદાન બાદ સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના રાજદૂત માઈક વોલ્ટ્ઝે જણાવ્યું હતું કે, 'કાઉન્સિલ એક મજબૂત રાજકીય સંકેત મોકલી રહી છે, જે સ્વીકારે છે કે (પૂર્વ પ્રમુખ) અસદ અને તેના સાથીઓની હકાલપટ્ટી પછી સીરિયા એક નવા યુગમાં પ્રવેશી ગયું છે.'અહેમદ અલ-શારા ઈસ્લામિક હયાત તહરિર અલ-શામ ના નેતૃત્વ હેઠળના બળવાખોર દળોના નેતા છે, જેમણે ૧૩ વર્ષના ગૃહયુદ્ધ પછી ડિસેમ્બરમાં સીરિયાના પ્રમુખ બશર અલ-અસદને પદભ્રષ્ટ કર્યા હતા. અગાઉ નુસરા ફ્રન્ટ તરીકે ઓળખાતું, HTS સીરિયામાં અલ-કાયદાની સત્તાવાર પાંખ હતી. જોકે, તેમણે વર્ષ ૨૦૧૬માં અલ-કાયદા સાથેના સંબંધો તોડી નાખ્યા હતા.

**પાકિસ્તાન હવે** | **સૈનિકોને હમાસના લડવૈયાઓ પાસેથી હથિયારો છીનવીને તેમને નિઃશસ્ત્ર કરવાની જવાબદારી સોંપવામાં આવશે**

# ગાઝામાં ૨૦,૦૦૦ સૈનિકો મોકલવા પાકિસ્તાનને અમેરિકાનો આદેશ ! પાક. આર્મી પણ તૈયાર

। એજન્સી, ઈસ્લામાબાદ, તા.૬ ।

પાકિસ્તાન હવે ગાઝા પટ્ટીમાં પોતાના સૈનિકો મોકલવા પર વિચારણા કરી રહ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ, અમેરિકાએ પાકિસ્તાન પાસેથી ઓછામાં ઓછા ૨૦,૦૦૦ જવાનો ગાઝામાં તૈનાત કરવા માટે વિનંતી કરી છે. આ સૈનિકોને હમાસના લડવૈયાઓ પાસેથી હથિયારો છીનવીને તેમને નિઃશસ્ત્ર કરવાની જવાબદારી સોંપવામાં આવશે. આમ તો પાકિસ્તાન હંમેશા હમાસનું સમર્થન કરતું રહ્યું છે અને હમાસ નેતાઓ સાથે પણ સારા સંબંધો ધરાવે છે, જોકે હવે પાકિસ્તાન અમેરિકા અને ઈઝરાયલના દબાણના કારણે હમાસ વિરુદ્ધ કાર્યવાહી કરવા તૈયાર હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે.વાસ્તવમાં આ મહિનાની



શરૂઆતમાં ઈજિપ્તમાં એક બેઠક યોજાઈ હતી. આ દરમિયાન ગાઝામાં સૈનિકો મોકલવાનો આ સંભવિત નિર્ણય લેવાયો હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. એવું કહેવાય છે કે, પાકિસ્તાનના સેના પ્રમુખ ફીલ્ડ માર્શલ અસીમ મુનીરની મુલાકાત ઈજિપ્તમાં CIAના વરિષ્ઠ અધિકારીઓ અને મોસાદના અધિકારીઓ સાથે થઈ હતી. આ બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે, પાકિસ્તાની સૈનિકો ગાઝામાં હમાસના શસ્ત્ર ભંડારને નિષ્ક્રિય કરવામાં અને તેના લડવૈયાઓને કાબૂમાં લેવાનું કામ કરશે. થોડા અઠવાડિયા પહેલાં જ પાકિસ્તાનમાં ઈઝરાયલ-હમાસ યુદ્ધવિરામને લઈને હિંસક પ્રદર્શનો થયા હતા. પાકિસ્તાને આજ સુધી ઈઝરાયલને એક દેશ તરીકે માન્યતા આપી નથી અને તે હંમેશા પેલેસ્ટાઈન મુદ્દે ઈઝરાયલની વિરુદ્ધમાં ઊભું રહ્યું છે. જોકે, હવે માનવતાવાદી પુનર્વસન અને પુનર્નિર્માણના નામે સૈનિકો મોકલવાનો પ્લાન ઘડાયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, અમેરિકાના આદેશ મુજબ, પાકિસ્તાન હમાસના સક્રિય ક્ષેત્રોમાં સૈનિકો તહેનાત કરશે અને અહીં હમાસને નબળો પાડવાની અને તેનો પ્રભાવ ઘટાડવા માટેની ભૂમિકા નિભાવશે. આ મિશનમાં ઈન્ડોનેશિયા અને અઝરબૈજાન પણ સામેલ થવાની સંભાવના છે.પાકિસ્તાન હવે ગાઝા પટ્ટીમાં પોતાના સૈનિકો મોકલવા પર વિચારણા કરી રહ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ, અમેરિકાએ પાકિસ્તાન પાસેથી ઓછામાં ઓછા ૨૦,૦૦૦ જવાનો ગાઝામાં તૈનાત કરવા માટે વિનંતી કરી છે. આ સૈનિકોને હમાસના લડવૈયાઓ પાસેથી હથિયારો છીનવીને તેમને નિઃશસ્ત્ર કરવાની જવાબદારી સોંપવામાં આવશે. આમ તો પાકિસ્તાન હંમેશા હમાસનું સમર્થન કરતું રહ્યું છે અને હમાસ નેતાઓ સાથે પણ સારા સંબંધો ધરાવે છે, જોકે હવે પાકિસ્તાન અમેરિકા અને ઈઝરાયલના દબાણના કારણે હમાસ વિરુદ્ધ કાર્યવાહી કરવા તૈયાર હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે.વાસ્તવમાં આ મહિનાની શરૂઆતમાં ઈજિપ્તમાં એક બેઠક યોજાઈ હતી.

બંને દેશો વચ્ચે તૂર્કિયેમાં ચાલી રહેલી શાંતિ મંત્રણાઓ અંતિમ તબક્કામાં

અફઘાનિસ્તાનના દક્ષિણ કંધાર પ્રાંતના સ્પિન બોલ્ડક જિલ્લા હોસ્પિટલના એક અધિકારીએ આ અંગે જાણકારી આપી હતી

# તૂર્કિયેમાં મંત્રણા વચ્ચે અફઘાનિસ્તાન-પાકિસ્તાન સરહદે ફરી ભયંકર ગોળીબાર । ૫ લોકોના મોત

। એજન્સી, તૂર્કિયે, તા.૭ ।

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી શાંતિ મંત્રણા વચ્ચે અથડામણની ઘટના બની છે. બંને દેશોની સરહદ પર ગોળીબારમાં પાંચ લોકોના મોત થયા છે. અફઘાનિસ્તાનના દક્ષિણ કંધાર પ્રાંતના સ્પિન બોલ્ડક જિલ્લા હોસ્પિટલના એક અધિકારીએ આ અંગે જાણકારી આપી હતી. આ ઘટના બાદ બંને દેશોએ એક-બીજા પર ગોળીબાર શરૂ કરી હોવાનો આરોપ મૂક્યો હતો. એકબાજુ બંને દેશો વચ્ચે તૂર્કિયેમાં ચાલી રહેલી શાંતિ મંત્રણાઓ અંતિમ તબક્કામાં છે. આ મંત્રણાનો ઉદ્દેશ તાજેતરમાં બંને દેશો વચ્ચે વધેલા તણાવ અને અથડામણનો અંત લાવવાનો છે. બીજી બાજુ બંને દેશો અવારનવાર એકબીજા પર હુમલા કરી રહ્યા છે.પાકિસ્તાન લાંબા સમયથી અફઘાનિસ્તાન પર પાકિસ્તાન તાલિબાન જેવા આતંકવાદી જૂથોને આશ્રય આપવાનો આરોપ મૂકતું આવ્યું છે, જે પાકિસ્તાનમાં આતંકવાદી હુમલાઓ કરે છે. જોકે, તાલિબાન વહીવટીતંત્રે આ આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે. સ્પિન બોલ્ડક હોસ્પિટલના એક અધિકારીએ જણાવ્યું હતું કે આજના ગોળીબારમાં પાંચ લોકો માર્યા ગયા હતા, જેમાં ચાર મહિલાઓ અને



એક પુરુષનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય છ ઘાયલ થયા હતા. પાકિસ્તાની પક્ષ તરફથી જાનહાનિ અંગે તાત્કાલિક કોઈ માહિતી નથી.તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું હતું કે તૂર્કિયેમાં પાકિસ્તાન સાથે ત્રીજા રાઉન્ડની વાતચીત ચાલી રહી હતી ત્યારે પાકિસ્તાની દળોએ સ્પિન બોલ્ડક પર ગોળીબાર કર્યો હતો. ઈસ્લામિક અમીરાત દળોએ વાતચીતનો આદર કરતાં વધુ જાનહાનિ ટાળવા હાલ કોઈ જવાબ આપ્યો ન હતો.પાકિસ્તાનના માહિતી મંત્રાલયે આરોપોને ફગાવી દીધા હતા, અને કહ્યું હતું કે, અમે અફઘાન પક્ષ દ્વારા લગાવવામાં આવેલા ખોટા આરોપોને સખત રીતે નકારીએ છીએ. ગોળીબાર અફઘાન પક્ષ તરફથી શરૂ કરવામાં આવ્યો હતો, જેનો અમારા દળોએ સંયમ અને જવાબદારી સાથે જવાબ આપ્યો હતો. બીજી બાજુ અફઘાન નાયબ પ્રવક્તા હમીદુલ્લાહ ફિતરતે જણાવ્યું હતું કે પાકિસ્તાને હળવા અને ભારે હથિયારોથી નાગરિક વિસ્તારોને નિશાન બનાવ્યા હતા, જોકે ગોળીબાર ફક્ત ૧૦ થી ૧૫ મિનિટ જ ચાલ્યો હતો. પાકિસ્તાને દાવો કર્યો હતો કે પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે અને યુદ્ધવિરામ લાગુ છે.અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી શાંતિ મંત્રણા વચ્ચે અથડામણની ઘટના બની છે. બંને દેશોની સરહદ પર ગોળીબારમાં પાંચ લોકોના મોત થયા છે. અફઘાનિસ્તાનના દક્ષિણ કંધાર પ્રાંતના સ્પિન બોલ્ડક જિલ્લા હોસ્પિટલના એક અધિકારીએ આ અંગે જાણકારી આપી હતી.

**સ્લોટ બુક કરાવવાની છેલ્લી તારીખ ૧૧ નવેમ્બર ૨૦૨૫ રહેશે**

# અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫ : જ્ઞાન, કળા અને સંસ્કૃતિનું નવ-દિવસીય મહાકુંભ

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રિન્સિપાલોને આ નવ-દિવસીય જ્ઞાનના મહાકુંભમાં જોડાવા અપીલ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ, ૭ નવેમ્બર ૨૦૨૫: અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં આગામી ૧૩ થી ૨૧ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે ભવ્ય 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રિન્સિપાલોને આ નવ-દિવસીય જ્ઞાનના મહાકુંભમાં જોડાવા, સર્જન કરવા, સ્પર્ધા કરવા અને ઉજવણી કરવા માટે ખાસ આહ્વાન કરવામાં આવ્યું છે. આ ૯ દિવસમાં ૩૦૦થી વધુ ઈવેન્ટ્સ અને દરેક યુવા માટે એક મુખ્ય સ્ટેજ તૈયાર છે.આ બુક ફેસ્ટિવલ માત્ર એક પુસ્તક મેળો નથી, પરંતુ ગુજરાતનો સૌથી મોટો ક્લાસરૂમ છે, જ્યાં કોઈ દીવાલો નથી. ધોરણ ૧ થી ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓ નિઃશુલ્ક નોંધણી કરાવીને આ ફેસ્ટિવલને તેમની વાર્ષિક શૈક્ષણિક યાત્રા બનાવી શકે છે.આ બુક ફેસ્ટિવલમાં વિદ્યાર્થીઓ માટે ઝોન-વાઈઝ તકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઝોન ૧ – ચિલ્ડ્રન્સ કોર્નર (દ્રઝઝ્ર પેવેલિયન), જેમાં સવારના સ્લોટ્સ (સવારે ૯ થી ૧૨.૩૦) શાળા જૂથો માટે ખાસ તૈયાર કરાયેલા છે, જેમાં સ્ટોરી ટેલિંગ, પપેટ થિયેટર, મંડલા આર્ટ, બેસ્ટ-આઉટ-ઓફ-વેસ્ટ અને ડાન્સ-ડ્રામા જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ઝોન ૨ – જ્ઞાન ગંગા, જેમા રોજિંદા લેખન અને ડિઝાઈન સ્ટુડિયો (સવારે ૧૦ થી સાંજે ૫) ગઝલ, કવિતા, ડ્રામા, ફિલ્મ-સ્ક્રિપ્ટ, નિબંધ, બાયોગ્રાફી વર્કશોપ્સ, હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિઓ જેમ કે ફેબ્રિક પપેટ, ઝાઈન મેકિંગ, ટેરાકોટા હોર્સ, માતા-ની-પચ્છેડી, ઓઈલ પેઈન્ટિંગ, મેટલ એમ્બોસિંગનો સમાવેશ થાય છે. જ્યારે ઝોન ૩ – સ્કૂલ બોર્ડ શતાબ્દી મહોત્સવ પેવેલિયનમાં ઈન્ટર-સ્કૂલ મેગા કોન્ટેસ્ટના સિટી લેવલના ફાઈનલ રાઉન્ડ (રોજ સવારે ૧૦ થી સાંજે ૭:૩૦) યોજાશે. મુખ્ય આકર્ષણો અને ઈન્ટર-સ્કૂલ મેગા કોન્ટેસ્ટ્સની વાત કરીએ તો, ૧૩ અને ૧૪ નવેમ્બર ક્વિઝ, ૧૫ નવેમ્બર વાર્તાકથન (જીઁઅિંઇઙ્ઘૈહખ્ત), ૧૬ નવેમ્બર ફેન્સી ડ્રેસ, ૧૭ નવેમ્બર કિડ્સ પેનલ ડિસ્કશન, ૧૮ નવેમ્બર ઈન્ટર-સ્કૂલ કોન્ટેસ્ટ, ૧૯ નવેમ્બર ઈમ્પ્રમ્પ્ટુ સ્પીચ, ૨૦ નવેમ્બર બુક રીડિંગ કોન્ટેસ્ટ તેમજ ૨૧ નવેમ્બર મસ્તી કી પાઠશાલા મુખ્ય આકર્ષણો રહેશે. આ ઉપરાંત વિજેતાઓને ઈનામો અને ટ્રોફી એનાયત કરવામાં આવશે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ ફેસ્ટિવલમાં નિઃશુલ્ક ચિલ્ડ્રન્સ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રોજ સાંજે ૫.૩૦ થી ૭.૩૦ દરમિયાન અંદાજિત ૪ થી ૭આંતરરાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મોનું પ્રદર્શન થશે.




### અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું

અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેના દરરોજ સાંજે ૫.૩૦ વાગ્યાથી સાંસ્કૃતિક કાર્યક્રમોનો મહાકુંભનો પ્રારંભ થશે. કિર્તીદાન ગઢવીનું લોક ઓર્કેસ્ટ્રા, અંકિત ત્રિવેદી સાથે ગુજરાતી કાવ્ય–સંગીત, સંદીપ ક્રિશ્ચિયન ઓર્કેસ્ટ્રા સાથે હિન્દી ફિલ્મ ગીતો પર કાવ્યાત્મક સંગીત પ્રદર્શન, કવિઓ સાથે ગ્રાન્ડ મુશાયરો, તેમજ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) કેજેએસ ઢીલોન અને આઈપીએસ (નિવૃત્ત) કે વિજયકુમાર સાથે શૌર્ય સંવાદ થશે.




### એઆઈ, ક્રાઇમ જર્નાલિઝમ, ગાંધી-મંડેલા લેગસી પર લાઇવ સેશન યોજાશે

કોલેજના વિદ્યાર્થીઓને જાણીતા આચાર્ય પ્રશાંત, ગુરચરણ દાસ, નિતિન સેઠી, કુલપ્રીત યાદવ જેવા મહાનુભાવોને મળવાનો અવસર મળશે. એઆઈ, ક્રાઇમ જર્નાલિઝમ, ગાંધી–મંડેલા લેગસી પર લાઇવ સેશન યોજાશે. આ ઉપરાંત પ્રકાશકો સાથે સ્થળ પર જ ઇન્ટર્નશિપ અને કન્ટેન્ટ–રાઇટિંગની તકો મળશે.વધુમાં, એવું જાણવા મળ્યું છે કે રોડ શો અને કાર્યકર્તા સંમેલનમાં ૧૦,૦૦૦ થી વધુ કાર્યકરોને સામેલ કરવાનું લક્ષ્ય છે. એવું પણ જાણવા મળ્યું છે કે નવનિયુક્ત પ્રદેશ પ્રમુખનું સ્વાગત કરવા માટે વિવિધ સ્થળોએ કાર્યકરો હાજર રહેશે. નોંધનીય છે કે નજીકના ભવિષ્યમાં નગરપાલિકાની ચૂંટણીઓ યોજાવાની છે.

## ન્યૂઝ બ્રિફ

### રાજકોટમાં જસદણના કનેશરા ખડવાવડી ખાતે અકસ્માતમાં બેનાં મોત નિપજ્યાં

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૭ ।

રાજકોટમાં જસદણના કનેશરા ખડવાવડી ખાતે થયેલા અકસ્માતમાં બેનાં મોત થયા છે. કાર વીજપોલ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર બે લોકોના મોત નીપજ્યા હતા. કારમાં સવાર સામંત મકવાણા અને સંજય પલાળિયા નામના શખ્સનું મોત થયું હતું.અકસ્માત થયા પછી કાર વીજ પોલને અથડાઈને એટલી દબાઈ ગઈ હતી કે કારના તૂટેલા ભાગો દૂર કરીને મૃતદેહ બહાર કાઢવા પડ્યા હતા. બંને મૃતક જસદણના ખડવાવડી ગામના રહેવાસી હતી. અકસ્માતની ઘટના બનવાના પગલે સ્થાનિકો તરત જ દોડી આવ્યા હતા. સ્થાનિકોને અકસ્માત જોઈને જ લાગ્યું હતું કે આમા તો બચવું જ અશક્ય છે. કારનો એકદમ કચ્ચરઘાણ નીકળી ગયો હતો. કાર વળીને બુકડો બની ગઈ હતી. આના પરથી જ જણાઈ આવે છે કે કાર કેટલી ઝડપે આવતી હતી. અકસ્માત સ્થળે લોકોનું ટોળું જમા થઈ ગયું હતું. બંને મૃતકોના કુટુંબમાં ખબર પડતાં રોક્કળનું વાતાવરણ સર્જાયું હતું.

### જામનગરના ધ્રોલમાં પતિની આત્મહત્યા, પત્ની પણ કૂવામાં કૂદી

। પ્રતિનિધિ, જામનગર, તા.૭ ।

જામનગરના ધ્રોલમાં પતિની આત્મહત્યાના આઘાતથી પત્ની પણ કૂવામાં કૂદી હતી. યુવાનની આત્મહત્યા પછી પત્ની ગુમ થઈ હતી. ગુમ થયાના પાંચ દિવસ પછી પત્નીનો મૃતદેહ મળી આવ્યો હતો. પત્નીનો મૃતદેહ વાડીના કૂવામાંથી મળી આવ્યો હતો. પાંચ દિવસ પહેલા પતિએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. દંપતી વચ્ચે વિખવાદ પછી આ ઘટના બની હોવાની પોલીસને શંકા છે.આ બનાવની વિગત જોઈએ તો ધ્રોલ તાલુકાના રોજીયા ગામમાં ખેડૂત લગધીરસિંહ જાડેજાની વાડીમાં પરપ્રાંતીય શ્રમિક દંપતી ખેતમજૂરી કરતું હતું. મધ્યપ્રદેશના અલીરાજપુરના વતની દંપતીમાં પતિ ગોરધનભાઈ વસુનિયા અને પત્ની રાહલીબેન વસુનિયા મજૂરી કરતા હતા. દંપતી વચ્ચે ૩૦ ઓક્ટોબર ૨૦૨૫ની રાત્રે કોઈ બાબતને લઈને બોલાચાલી થઈ હતી.પત્ની સાથે બોલાચાલીના કારણે પતિ ગોરધનભાઈને મનમાં લાગી આવ્યું હતું. તેના કારણે ગોરધનભાઈએ મગફળીના ગોડાઉનમાં ગળે ફાંસો લગાવી આત્મહત્યા કરી હતી. આ બાબતની જાણ થતાં રાહલી બેને ગોરધનભાઈએ તેમને નીચે ઉતાર્યા હતા, પરંતુ પતિ મૃત્યુ પામ્યા હોવાનું જાણી તે અચાનક ગભરાઈ ગઈ હતી.

# કચ્છના કપુરાશીમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ખાટલા સભા : સરહદી ગામોના રાષ્ટ્રપ્રેમને બિરદાવ્યો

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને કારણે કચ્છ જિલ્લાના આંતરરાષ્ટ્રીય સરહદ પરના આ ગામડાઓ લાભાન્વિત બન્યા છે : હર્ષ સંઘવી

। પ્રતિનિધિ, ભુજ,તા.૭ ।

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ભારત-પાકિસ્તાન સરહદી ગામોની સીમાવર્તી સમીક્ષા, સામાજિક-આર્થિક સ્થિતિ અને રહેણીકરણી સહિતની વિવિધ બાબતોથી અવગત થવા તેમજ "સરકાર આપને દ્વાર"ના ધ્યેયમંત્રને ચરિતાર્થ કરવા માટે કચ્છની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન તેઓ કચ્છના લખપત તાલુકાના કપુરાશી ગામ ખાતે કપૂરાશી અને કોરિયાણી ગ્રામજનો સાથે સંવાદ કરીને 'ખાટલા



બેઠક'માં સહભાગી થયા હતા.

કપુરાશી ગામમાં યોજાયેલી આ ખાટલા સભાને સંબોધતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને કારણે કચ્છ જિલ્લાના આંતરરાષ્ટ્રીય સરહદ પરના આ ગામડાઓ લાભાન્વિત બન્યા છે. તેમણે નોંધ્યું હતું કે કલ્યાણકારી યોજનાઓના અમલથી કચ્છમાં પરિસ્થિતિ બદલાઈ છે અને લોકોના જીવનમાં આર્થિક-સામાજિક પરિવર્તન આવ્યું છે.

સંઘવીએ ઉમેર્યું હતું કે, સરહદી ગામોનો વિકાસ કેવી રીતે કરી શકાય તે ઉદ્દેશ્ય સાથે ૩૦થી વધુ સીનિયર પોલીસ અધિકારીઓ સરહદી ગામોમાં સભા સંવાદ યોજીને નાગરિકોની સમસ્યાઓથી અવગત થયા છે. તેમણે કપુરાશીમાં રાત્રી સભા, રોકાણ અને ગ્રામજનો સાથેના સંવાદને એક મહત્વપૂર્ણ અવસર ગણાવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રીએ સરહદી ગામોના નાગરિકોના રાષ્ટ્રપ્રેમને બિરદાવતા કહ્યું કે, સરહદ પારથી થતી ઘૂસણખોરી અટકાવવામાં ગ્રામજનોના સાવચેત વલણના કારણે સમયાંતરે મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. તેમણે કહ્યું કે કપુરાશી સહિત કચ્છના અનેક ગામોએ 'સરહદના સંત્રી'ની ભૂમિકા અદા કરી છે.

**દરોડાની કાર્યવાહી સતત છઠ્ઠા દિવસે પણ ચાલુ રહી હતી**

# ભરૂચ રોડ રસ્તાની ગુણવત્તા માટે રાજકીય અગ્રણીઓના દબાણને જવાબદાર ઠેરવતા સાંસદ મનસુખભાઈ વસાવા

## મનસુખ વસાવા એ ફરી આજે પુનઃ રોડ રસ્તા ની ગુણવત્તા માટે અધિકારીઓ પર રાજકીય લોકોનું દબાણ જવાબદાર હોવાનું જણાવ્યુંપસરકાર તો ખૂબ રૂપિયા ફાળવે

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૭ ।

સાંસદ મનસુખભાઈ વસાવાએ ફરી એકવાર રોડ રસ્તાના મુદ્દે રાજકીય દબાણ ને જવાબદાર ઠેરવ્યા. તેમણે રોડ રસ્તા ની ગુણવત્તા માટે રાજકીય અગ્રણીઓના દબાણને જવાબદાર ઠેરવ્યા હતા. વધુમાં તેમણે રાજકીય અગ્રણીઓની ક્વોરી માલિકો સાથે સાંઠગાંઠનો કર્યો આક્ષેપ કર્યો હતો. સરકારના પારદર્શક વહીવટ કરે છે પરંતુ કેટલાક રાજકીય આગેવાનો ની મિલીભગત ના કારણે સરકાર બદનામ



થાય છે.

ભરુચ જિલ્લાના રોડ રસ્તા બન્યા ના થોડાજ સમય તૂટી જાય છે અને ગાબડા પડી જવા ના મુદ્દે સાંસદ મનસુખભાઈ વસાવા અવાર નવાર સ્થળ પર દોડી જઈ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો ને આડે હાથ લેવા સાથે સરકારમાં પણ રજૂઆત કરતા રહે છે.મનસુખ વસાવા એ ફરી આજે પુનઃ રોડ રસ્તા ની ગુણવત્તા માટે અધિકારીઓ પર રાજકીય લોકોનું દબાણ જવાબદાર હોવાનું જણાવ્યુંપસરકાર તો ખૂબ રૂપિયા ફાળવે છે પણ ક્વોરી વાળાઓ સાથેની રાજકીય આગેવાનોની સાંઠગાંઠ ના કારણે રોડ સારા બનતા નથી.

### સુરતમાં ગર્ભ પરીક્ષણનો ગોરખધંધો : ડોક્ટર સહિત ત્રણ આરોપી ઝડપાયા,એક યુવતી વોન્ટેડ

। પ્રતિનિધિ, સુરત, તા.૭ ।

સુરતના વરાછા વિસ્તારમાં ગર્ભ પરીક્ષણના ગેરકાયદે કારોબાર સામે આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી કરી છે. શિવાય હોસ્પિટલમાં ચાલતા આ ગોરખધંધાને લઈને સુરત મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમે રેડ કરી છે. જેમાં એક ડોક્ટર, એક ફાર્માસિસ્ટ અને અન્ય આરોપીને ઝડપી પાડવામાં આવ્યા છે. આ ઘટના ગુજરાતમાં પીસી-પીએનડીટી એક્ટના ઉલ્લંઘનના કિસ્સાને નવી ઊંચાઈ આપે છે, જે લિંગ ભેદભાવ અને કન્યા ભ્રૂણ હત્યાને પ્રોત્સાહન આપે છે.આરોગ્ય વિભાગને મળેલી બાતમીના આધારે વરાછા વિસ્તારમાં આવેલી શિવાય હોસ્પિટલ પર નજર રાખવામાં આવી હતી.

# સારા કાર્યોમાં અમુક લુખ્ખાઓ રોડા નાખતા જ હોય છે : સાંસદ ગેનીબેન ઠાકોર

## પાટણ ખાતે સદારામ કન્યા છાત્રાલયના ભૂમિ પૂજન પ્રસંગે તેમણે જ દીકરીઓને ભણાવવા માટે અપીલ કરી હતી.

। પ્રતિનિધિ, પાટણ, તા.૭ ।

બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે સમાજના એક કાર્યક્રમમાં લુખ્ખાઓને સ્ટેજ પર સ્થાન ન આપવા માટે અપીલ કરી હતી. તેમણે કહ્યું કે સારા કાર્યોમાં અમુક લુખ્ખાઓ રોડા નાખતા જ હોય છે. પાટણ ખાતે સદારામ કન્યા છાત્રાલયના ભૂમિ પૂજન પ્રસંગે તેમણે જ દીકરીઓને ભણાવવા માટે અપીલ કરી હતી. સદારામ સેવા સમિતિ ગુજરાત દ્વારા સદારામ કન્યા હોસ્ટેલનું ભૂમિ પૂજન કાર્યક્રમ આજે પાટણ ખાતે યોજાયો હતો જેમાં કન્યા છાત્રાલયનું ભૂમિ પૂજન બાબાભાઈ ભરવાડ, સંત શ્રી દાસરામ બાપુ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. અધ્યતન સુવિધા સાથેનું આ સંકુલ બે વર્ષમાં કાર્યરત કરાશે.વર્તમાન સમયમાં જે મોટા સમાજો છે તેમાં શિક્ષણનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. વિવિધ શહેરોમાં આ સમાજની હોસ્ટેલો અને સંકુલો કાર્યરત છે. ત્યારે ઠાકોર સમાજના દીકરા દીકરીઓ પણ વર્તમાન સમયમાં શિક્ષણથી વંચિત ન રહે તેવા ઊમદા આશયથી આજે પાટણમાં સદારામ કન્યા હોસ્ટેલનું ભૂમિ પૂજન દાતાઓના દાનથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લુખ્ખાઓને સ્ટેજ પર સ્થાન ન આપવું જોઈએ.

### બક્ષીપંચ સમાજમાંથી આવતા બાબાભાઈ ભરવાડે મુખ્ય દાતા બની બે કરોડ ૫૧લાખ રૂપિયા આપી આ છાત્રાલયનું ભૂમિ પૂજન કર્યું હતું

બક્ષીપંચ સમાજમાંથી આવતા બાબાભાઈ ભરવાડે મુખ્ય દાતા બની બે કરોડ ૫૧લાખ રૂપિયા આપી આ છાત્રાલયનું ભૂમિ પૂજન કર્યું હતું. ભૂમિ પૂજન કાર્યક્રમ બાદ સિંધવાઈ માતા મંદિર ખાતે જાહેર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાજપના અને કોંગ્રેસના રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પાટણ ખાતે સદારામ કન્યા છાત્રાલયના ભૂમિ પૂજન પ્રસંગે બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આ ભગીરથ કાર્ય કરવા બદલ સમાજના આગેવાનોને અભિનંદન પાઠવ્યા હતા સાથે જ સમાજમાં દીકરા દીકરીઓની વચ્ચે સંમતુલા જળવાઈ રહે તે માટે દીકરાઓને પણ શિક્ષિત કરવા આહવાન કર્યું હતું. તો બીજી તરફ અંધશ્રદ્ધા માંથી બહાર આવી મંદિરો પાછળ ખોટા ખર્ચાઓ કરવાને બદલે સરસ્વતીના મંદિરો ગામે ગામ બનાવવા સમાજના આગેવાનોને અપીલ કરી હતી.

**અમદાવાદ ખાતે યોજાયેલા વાર્ષિક દીક્ષાંત સમારંભ**

**ચોપડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે દેવિકા જૈને તેમના સમર્પણ, સખત મહેનત અને આત્મવિશ્વાસ દ્વારા આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે**

# સિવાના નિવાસી દેવિકા જૈનને કર્ણાવતી યુનિવર્સિટી । અમદાવાદમાં ગોલ્ડ મેડલ મળ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

(મુકેશ આર. ચોપડા) કર્ણાવતી યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજાયેલા વાર્ષિક દીક્ષાંત સમારંભમાં, સિવાના ના મહેન્દ્રજી બાગરેચાની પુત્રી યોગિતા (દેવિકા) જૈનને બી.એસસી. (કમ્પ્યુટર સાયન્સ - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગમાં વિશેષતા) માં પ્રથમ સ્થાન મેળવવા બદલ યુનિવર્સિટી ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો. મુકેશ આર. ચોપડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે દેવિકા જૈને તેમના સમર્પણ, સખત મહેનત અને આત્મવિશ્વાસ દ્વારા આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.તેમની સફળતાએ માત્ર તેમના પરિવાર માટે જ નહીં પરંતુ સમગ્ર સિવાના નગર માટે ગૌરવની વાત કરી છે.આ પ્રસંગે, દેવિકાએ કહ્યું, જેઓ દ્રઢ રહે છે અને ક્યારેય હાર માનતા નથી તેઓ જ સફળતા મેળવે છે.શિક્ષકો, પરિવારના સભ્યો અને



સિવાના રહેવાસીઓએ દેવિકાની સિદ્ધિ પર ગર્વ વ્યક્ત કર્યો અને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.આ સફળતા બાગરેચા પરિવાર માટે ગર્વની ક્ષણ છે અને વિસ્તારની અન્ય મહિલા વિદ્યાર્થીઓ માટે પ્રેરણાનું એક શક્તિશાળી ઉદાહરણ છે.ઉલ્લેખનીય છે કે બાગરેચા પરિવાર હમેશા સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યો છે. તમારા કાકા અને બે ભાઈઓએ જૈન સાધુઓના જીવનને અપનાવ્યું છે. તમારા કાકા, પ્રખર ઉપદેશક આચાર્ય શ્રી વિમલસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ, જૈન ધર્મને એક ક્રાંતિકારી સંત તરીકે ગૌરવાન્વિત કરી રહ્યા છે. તમારા પિતા, મહેન્દ્ર બાગરેચા, સામાજિક અને રાજકીય ક્ષેત્રે સેવા આપે છે. તમારી માતા સિવાના ગ્રામ પંચાયતના ભૂતપૂર્વ સરપંચ તરીકે સેવા આપી હતી.

### વિજાપુર હાઈવે પર અકસ્માતમાં શ્રમિક યુવકનું મોત

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૯ ।

વિજાપુર હાઈવે પર ગોવિંદપુરા અને આનંદપુરા ચોકડી વચ્ચે ગત રાત્રે (શનિવારે) એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક બેફામ કાર ચાલકે રોડ પર જઈ રહેલા શ્રમિક દીપક વાઘેલાને ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. અકસ્માત બાદ કાર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.


CAR WORLD
AUTO GARAGE
Karan Panchal
+91 9427796859
Mahesh Gajnotar
+91 9824699827
Shop No. 1, Radhe Hills,
Nr. Rameshwar Transport,
Mahemadabad Road,
Hathijan, Gujarat-382 445.

લોક પત્રિકા હવે અહીં પણ
ભારતની નં.૧ ન્યૂઝ એપ
dailyhunt






પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો



**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya